RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 264 Dt. 20-04-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

ભારત-અમેરિકાના સંબંધોમાં નવો વળાંક, ટ્રેડ ડીલ મુદ્દે

વોશિંગ્ટનમાં 3 દિવસ હાઈ-લેવલ બેઠક

આજથી વોશિંગ્ટનમાં મહત્વની વાતચીત : ભારતના ૧૨ અધિકારીની ટીમ અમેરિકા પહોંચી

નવી દિલ્હી, તા.૧૯

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલને લઈને મોટું અપડેટ સામે આવ્યું છે. આજે ૨૦ એપ્રિલથી વોશિંગ્ટનમાં ત્રણ દિવસ સુધી મહત્વની વાતચીત થવા જઈ રહી છે, જેથી ભારત અને અમેરિકા બંને દેશોમાં સારા સમાચારની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારત તરફથી અંદાજે એક ડઝન અધિકારીઓની ટીમ અમેરિકા પહોંચી રહી છે. ટીમનું નેતૃત્વ વાણિજ્ય વિભાગના અધિક સચિવ દર્પણ જૈન કરી રહ્યા છે. બદલાતા ટેરિફ નિયમો વચ્ચે બંને દેશો નવી શરતો પર સંમતિ બનાવવાનો પ્રયાસ કરશે. આ ડીલ પર અબજો ડોલરનો વેપાર દાવ પર લાગ્યો છે. હવે સૌની નજર આ મહાબેઠકના પરિણામો પર ટકેલી છે.

અમેરિકામાં ટેરિફને લઈને બદલાયેલા નિયમોએ જૂના ટ્રેડ સમીકરણો બગાડી દીધા છે. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ભારે ટેરિફને અમેરિકન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા હતા, ત્યારબાદ અમેરિકન વહીવટીતંત્રે ૨૪ ફેબ્રુઆરીથી તમામ દેશો પર ૧૫૦ દિવસ માટે ૧૦ ટકા સમાન ટેરિફ લગાવી દીધો છે. આ નવા નિયમને કારણે ભારત અને અમેરિકાએ તેમના જૂના કરારના મુસદ્દાને ફરીથી ઉકેલવાની ફરજ પડી રહી છે.

જૂના માળખા હેઠળ, અમેરિકા ભારતીય સામાન પર ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવા સંમત થયું હતું. પરંતુ હવે ૧૦ ટકાના નવા નિયમ પછી ભારતનો તે 'ખાસ ફાયદો' ખતમ થતો જણાય છે જે તેને અન્ય દેશોની સરખામણીમાં મળવાનો હતો. આ જ કારણ છે કે અધિકારીઓ હવે કરારને 'રીકેલિબ્રેટ' એટલે કે નવેસરથી તૈયાર કરવા પર ચર્ચા કરશે.

આ વાતચીત એવા સમયે થઈ રહી છે જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં ચીને અમેરિકાને પછાડીને ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર હોવાનું બિરુદ ફરીથી મેળવી લીધું છે. છેલ્લા ચાર વર્ષ (૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫) સુધી અમેરિકા આ યાદીમાં ટોચ પર હતું. ભારત અને ચીન વચ્ચેનો કુલ વેપાર ૧૫૧.૧ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. ગયા નાણાકીય વર્ષમાં અમેરિકા સાથે ભારતની ટ્રેડ સરપ્લસ પણ ઘટીને ૩૪.૪ અબજ ડોલર રહી ગઈ છે.

વિમાન અને ટેકનોલોજી ખરીદવાનો સંકેત આ બેઠકમાં ભારત તે આરોપોને પણ મજબૂતીથી નકારી કાઢશે જે અમેરિકાએ તેની 'સેક્શન ૩૦૧' તપાસ હેઠળ ભારત પર લગાવ્યા છે. ભારત અગાઉથી જ અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડોલરના ઊર્જા ઉત્પાદનો, વિમાન અને ટેકનોલોજી ખરીદવાનો સંકેત આપી ચૂક્યું છે, જેના બદલામાં કૃષિ અને ઔદ્યોગિક સામાન માટે સારી બજાર ઈચ્છી રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું આગાહી નથી કરતો, બંગાળમાં ભાજપની સરકાર બનશે !

અબાલ-વૃદ્ધ સૌને ભાજપમાં વિશ્વાસ : PM

નવી દિલ્હી, તા.૧૯

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાવાનું છે. આ માટે તમામ રાજકીય પક્ષો જોરશોરથી ચૂંટણી પ્રચારમાં કરી રહ્યા છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બંગાળના પુરુલિયામાં જનસભા સંબોધી બહુમતી સાથે ભાજપની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, તેઓ ચૂંટણીમાં ક્યારે આગાહી કરતા નથી, ક્યારે બોલતા પણ નથી. તેઓ વર્ષોથી ચૂંટણી લડી રહ્યા અને આગાહીની વાતો ટાળતા રહ્યા છું. તેમણે એમ પણ કહ્યું કે, બંગાળમાં નાની વ્યક્તિથી લઈને ઘરમાં કામ કરનાર વ્યક્તિઓ ભાજપની જ સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી (PM Narendra Modi)એ કહ્યું કે, ''સાથીઓ, હું સામાન્ય રીતે ચૂંટણીમાં ક્યારેય આગાહી કરતો નથી. શું પરિણામ આવશે તે વિશે હું ક્યારેય બોલતો નથી. હું વર્ષોથી ચૂંટણી લડી રહ્યો છું, પરંતુ હું આવી વાતો ટાળું છું. પરંતુ આ વખતે, જે પણ મળે છે - પછી તે કોઈ નાની વ્યક્તિ હોય કે ઘરમાં કામ કરનાર વ્યક્તિ હોય - દરેકના મોઢે એક જ વાત છે... આ વખતે બધા જ કહે છે કે, ભાજપની સરકાર પાક્કી છે. આ બધું જોયા પછી, સાંભળ્યા પછી અને મારા રાજકીય અનુભવના આધારે હું કહી રહ્યો છું કે, આ વખતે ભાજપ ખૂબ જ ભારે બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહી છે. અને જ્યારે હું 'ભારે બહુમતી' કહું છું, ત્યારે તેનો અર્થ એ છે કે હું પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યો છું કે આ વખતે સરકાર ભારે બહુમતીથી ભાજપની જ બનવાની છે.''

વડાપ્રધાન મોદીએ પુરુલિયાના મુફસ્સિલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રાયબાધિની દેવી મેળા મેદાનમાં જનસભાને સંબોધતી વખતે તૃમણૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો કે, 'બંગાળની પ્રજા હવે ડરના માહોલમાંથી બહાર નીકળી ગઈ છે. આ વખતે ભાજપની જ સરકાર બનશે. છેલ્લા ૧૫ વર્ષમાં ટીએમસી સરકાર માત્ર જંગલરાજની જેમ નિર્દય શાસન ચલાવી રહી છે. આ સરકારે પ્રજાને ભયભીત કરીને રાખી છે, જોકે ટીએમસીએ જેટલી નિર્દયતા કરી છે, પ્રજાનો ભાજપ પરનો વિશ્વાસ તેટલો જ મજબૂત થયો છે. જે રીતે આસામમાં કોંગ્રેસને અને ત્રિપુરામાં માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીને ઉખેડી ફેંકવામાં આવી છે, તેવી જ રીતે બંગાળમાં પણ ઈતિહાસનું પુનરાવર્તન થશે.' ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે બે તબક્કામાં મતદાન યોજાશે. રાજ્યના મતદારો ૨૩ એપ્રિલે ૧૫૨ બેઠકો માટે અને ૨૯ એપ્રિલે ૧૪૨ બેઠકો માટે મતદાન કરશે. જ્યારે ૪ મે-૨૦૨૬ના રોજ ચૂંટણીના પરિણામ જાહેર થશે. આ વખતે રાજ્યમાં મુખ્ય તૃમણૂલ કોંગ્રેસ (TMC) અને ભારતીય જનતા પાર્ટી (BJP) વચ્ચે ટક્કર જોવા મળવાની છે. મુખ્યમંત્રી મમતા બેનરજી (CM Mamata Banerjee) ચોથી વખત સરકાર બનાવવા માટે પ્રયાસો કરી રહી છે, તો ભાજપ શુભેન્દુ અધિકારીના નેતૃત્વમાં બંગાળ પર સત્તા હાંસલ કરવાના પ્રયાસો કરી રહી છે.

ઈટાલીમાં બૈસાખી ઉત્સવમાં બન્યો બનાવ : હુમલાખોર કાર લઈને ફરાર

બે ભારતીયની ગોળી ધરબી હત્યા

નવી દિલ્હી, તા.૧૯

ઈટાલીના ઉત્તરમાં આવેલા બર્ગામો પ્રાંતમાં બૈસાખીના પવિત્ર તહેવાર દરમિયાન એક ફાયરિંગની ઘટના બની હતી. અહીં એક વેરહાઉસ પાસે અજાણ્યા હુમલાખોરે અંધાધૂંધ ફાયરિંગ કરીને બે ભારતીય નાગરિકોની હત્યા કરી દીધી છે. આ ઘટનાને પગલે સ્થાનિક ભારતીય સમુદાયમાં શોક અને ફફડાટ વ્યાપી ગયો છે.

આ લોહિયાળ ઘટના શુક્રવારે મોડી રાત્રે બર્ગામો પ્રાંતના કોવો વિસ્તારમાં બની હતી. જે સ્થળે આ હુમલો થયો તે ગુરુદ્વારા માતા સાહિબ કૌર જીની નજીક આવેલું એક વેરહાઉસ છે. બૈસાખીના તહેવાર નિમિત્તે આ વેરહાઉસનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ અને સભા માટે કરવામાં આવી રહ્યો હતો. જ્યારે બંને પીડિતો વેરહાઉસમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે જ હુમલાખોરે તેમના પર હુમલો કર્યો હતો.

પોલીસ અહેવાલો અનુસાર, મૃતકોની ઓળખ ૪૮ વર્ષીય રાગિન્દર સિંહ અને ૪૮ વર્ષીય ગુરમીત સિંહ તરીકે થઈ છે. રાગિન્દર સિંહ કોવો વિસ્તારના જ રહેવાસી હતા, જ્યારે ગુરમીત સિંહ અગ્રાડેલોમાં રહેતા હતા. હુમલાખોરે અચાનક આવીને બંને પર ગોળીઓ ચલાવી હતી અને ત્યારબાદ પોતાની કારમાં બેસીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક પોલીસ આ મામલે સઘન તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને શંકા છે કે આ કોઈ આકસ્મિક ઝઘડાનું પરિણામ નથી, પરંતુ એક સુનિયોજિત હત્યા હોઈ શકે છે. હુમલાખોરને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓની મદદ લેવામાં આવી રહી છે. બૈસાખી જેવા ખુશીના તહેવારમાં બનેલી આ ઘટનાએ વિદેશમાં વસતા ભારતીયોની સુરક્ષા અંગે ફરી એકવાર પ્રશ્નો ઊભા કર્યા છે.

ઈરાનના પડકાર વચ્ચે ભારતને સફળતા : ૨૨મીએ મુંબઈ પહોંચવાની આશા

'દેશ ગરિમા' જહાજે હોર્મુઝ પાર કર્યું

નવીદિલ્હી,તા.૧૯

ઈરાનના હોર્મુઝ જળમાર્ગ પર ચાલી રહેલા સંકટ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ ક્રૂડ ઓઈલ ભરીને ભારત તરફ આવી રહેલા ભારતીય જહાજ 'દેશ ગરિમા'એ સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી લીધું છે. જહાજે ૧૮ એપ્રિલે હોર્મુઝ પાર કરી લીધું છે અને તે ૨૨ એપ્રિલના રોજ મુંબઈ પહોંચવાની આશા છે. આ જહાજ પર કુલ ૩૧ ભારતીય નાવિકો સવાર છે. આ પહેલા હોર્મુઝમાં ભારે ગોળીબાર થતાં બે ભારતીય જહાજો પરત ફર્યા હતા.

માર્ચની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં શિપિંગ કંપની 'ભારતીય નૌવહન નિગમ'ના કુલ ૧૦ જહાજોએ હોર્મુઝ સફળતાપૂર્વક પાર કરી લીધું છે. આ પહેલા છેલ્લા ૨૪ કલાકમાં હોર્મુઝમાંથી પસાર ખતી વખતે ક્રૂડ ઓઈલ ભરેલા 'સમનાર હેરાડ' અને 'બલ્ક કેરિયર' જહાજ પર ગોળીબાર થયો હોવાની માહિતી સામે આવી હતી, જેના કારણે બંને જહાજો પર્સિયન ગલ્ફમાં પરત ફર્યા છે. જોકે, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

દરિયામાં પસાર થતા જહાજો પર નજર રાખતા પોર્ટલના રિપોર્ટ મુજબ, ઓઈલ ટેન્કર 'દેશ વૈભવ' અને 'દેશ વિભોર'એ પણ માર્ગ બદલી નાખ્યો હતો. ત્યારપછી પર્સિયન ગલ્ફમાં ભારતીય ધ્વજવાળા



બેએ રસ્તા બદલ્યા, પર્સિયન ગલ્ફમાં હજુ ૧૪ જહાજો

જહાજોની સંખ્યા ૧૪ પર પહોંચી ગઈ છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ (IRGC) એ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજ 'ભાગ્ય લક્ષ્મી' ને અટકાવ્યું હતું. એક ઓડિયો રેકોર્ડિંગમાં ખુલાસો થયો છે કે, ઈરાની અધિકારીએ જહાજના કેપ્ટનને તાત્કાલિક પરત ફરવા આદેશ આપ્યો હતો.

આ ગંભીર ઘટનાઓને પગલે ભારત સરકારે નવી દિલ્હીમાં ઈરાની રાજદૂતને બોલાવ્યા છે. વિદેશ સચિવે ઈરાની રાજદૂત સાથેની મુલાકાતમાં ભારતીય જહાજો પર થયેલા ફાયરિંગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, તે પોતાના નાગરિકો અને જહાજોની સુરક્ષા સાથે કોઈ સમજૂતી નહીં કરે. અગાઉ ઈરાને ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપવાની ખાતરી આપી હતી, તેથી ભારત હવે ઈરાન પાસે સહયોગની અપેક્ષા રાખી રહ્યું છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અગાઉ લેબનાન-ઈઝરાયેલ યુદ્ધવિરામ બાદ આ હોર્મુઝ ખુલ્લો હોવાનું જણાવ્યું હતું. પરંતુ, અમેરિકાએ ઈરાની પોર્ટ પર નાકાબંધી કરતા ઈરાને તેના વિરોધમાં ફરીથી હોર્મુઝ જળમાર્ગ બંધ કરી દીધો છે. હવે ઈરાનનું કહેવું છે કે, કોઈ પણ દેશના જહાજને 'બ્લેન્કેટ એપ્રૂવલ' આપવામાં આવશે નહીં અને દરેક જહાજે પસાર થવા માટે અલગથી મંજૂરી લેવી પડશે.

ચીની જહાજને પાછું વાળ્યું

માત્ર ભારત જ નહીં, પરંતુ ઈરાને ચીનના 'સન પ્રોફિટ' નામના જહાજને પણ મંજૂરી વગર પસાર થવા દીધું ન હતું અને તેને પરત ફરવા મજબૂર કર્યું હતું. મુંબઈ સ્થિત ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી છે કે, પૂર્વ મંજૂરી વગર કોઈ પણ જહાજને આ જળમાર્ગમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં.

ફટાકટા ફેક્ટરીમાં બ્લાસ્ટ, ૧૯ ભડથું

૬ ઘાયલ : તમિલનાડુની ઘટના, મુખ્યમંત્રી સ્ટાલિને વ્યક્ત કર્યું દુઃખ

નવી દિલ્હી, તા.૧૯

તમિલનાડુના વિરુધુનગર જિલ્લામાં આવેલી એક ફટાકડા બનાવવાની યુનિટમાં જોરદાર વિસ્ફોટ થતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. પ્રાથમિક માહિતી પ્રમાણે આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૯ લોકોના કરુણ મોત થયા છે, જ્યારે અન્ય ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. અગાઉ ૯ લોકોના મોતની આશંકા હતી, પરંતુ કાટમાળ હટાવતી વખતે મૃતકોની સંખ્યા વધીને ૧૯ થઈ ગઈ છે. બીજી બાજુ ઓછામાં ઓછા ૬ લોકો ઈજાગ્રસ્ત હોવાનું માલૂમ પડ્યું છે, જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ વિસ્ફોટ કટ્ટનારપટ્ટી વિસ્તારમાં આવેલી એક ક્રેકર યુનિટ(ફટાકડા ફેક્ટરી)માં થયો હતો, જેથી જોત જોતામાં આજુબાજુના ચાર યુનિટોને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. દુર્ઘટના બાદ વિસ્તારમાં અફરા તફરીનો માહોલ સર્જાયો છે, હાલ રાહત-બચાવ કાર્ય તાત્કાલિક શરૂ કરી દેવામાં છે. ધડાકો એટલો ભીષણ હતો કે આસપાસની ઈમારતોને પણ નુકસાન થયું હતું. ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ, પોલીસ અને રાહત ટીમો સતત કાટમાળ હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવામાં લાગેલી છે. પ્રશાસને સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.આ દુર્ઘટના પર મુખ્યમંત્રી સ્ટાલિને દુખ વ્યક્ત કરતાં કહ્યું કે, આ ઘટના ખૂબ જ દુખદ છે, મને આઘાત પહોંચ્યો છે. તેમનો મૃતકો અને પરિવારજનો પ્રતિ સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે સરકાર આ કઠિન સમયમાં તેમની સાથે ઊભી છે. સાથે જ રાહત બચાવ કાર્ય ઝડપી કરવા આદેશ આપ્યો છે.

હાલ વિસ્ફોટના કારણો જાણી શકાયા નથી, પરંતુ પ્રાથમિક આશંકા છે કે આ અકસ્માત ફટાકડાના ઉત્પાદન દરમિયાન સુરક્ષાના ધોરણોની અવગણનાને કારણે થયો હોઈ શકે છે. અધિકારીઓએ આ મામલે તપાસના આદેશ આપી દીધા છે. સ્થાનિક વહીવટીતંત્રનું કહેવું છે કે રાહત અને બચાવ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

નાના બાળકોમાં પણ પ્રોટીનની ઉણપ થઈ શકે

પ્રોટીનના અભાવે વિકાસ પર થઈ શકે છે અસર : જંક ફૂડનું વારંવાર સેવન પ્રોટીન ઉણપનું મોટું કારણ

રાજકોટ, તા. ૧૯

પ્રોટીન એક આવશ્યક પોષક તત્વો છે જે શરીરના વિકાસ, સ્નાયુઓના વિકાસ અને કોષોના સમારકામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નાના બાળકો માટે તે વધુ મહત્વપૂર્ણ છે, કારણ કે આ ઉંમરે તેમનો શારીરિક અને માનસિક વિકાસ ઝડપી હોય છે. જો બાળકોને પૂરતું પ્રોટીન ન મળે, તો તેમના વિકાસ પર અસર પડી શકે છે. પ્રોટીનની ઉણપ ઘણા પરિબળોને કારણે થઈ શકે છે, જેમ કે સંતુલિત આહારનો અભાવ, જંક ફૂડનું વારંવાર સેવન અથવા અપૂરતું પોષણ.

વધુમાં, જે બાળકો નબળા હોય છે, વારંવાર બીમાર હોય છે, અથવા મર્યાદિત આહાર લેતા હોય છે તેઓ વધુ જોખમમાં હોય છે. માતાપિતાની બેદરકારી અથવા પોષણ વિશે જાગૃતિનો અભાવ પણ એક મુખ્ય પરિબળ હોઈ શકે છે. કેટલીકવાર, નાણાકીય કારણોસર અથવા ખરાબ ખાવાની આદતોને કારણે, બાળકોને પૂરતું પોષણ મળતું નથી. તેથી, તેમના આહાર પર ખાસ ધ્યાન આપવું અને તેમને યોગ્ય પોષણ મળે તેની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે. ચાલો નાના બાળકોમાં પ્રોટીનની ઉણપના લક્ષણો અને તેને કેવી રીતે અટકાવવું તે શોધી કાઢીએ.

બાળકોમાં પ્રોટીનની ઉણપના લક્ષણો ધીમે ધીમે દેખાય છે, તેથી તેમને વહેલા ઓળખવા મહત્વપૂર્ણ છે. આવા બાળકોમાં નબળાઈ અને થાક ઝડપથી અનુભવાય છે. તેમનું વજન અને ઊંચાઈ તેમની ઉંમર કરતાં ઓછી હોઈ શકે છે, જે તેમના વિકાસને અસર કરે છે. સ્નાયુઓ યોગ્ય રીતે વિકસિત થતા નથી, અને તેમના શરીર ઢીલા દેખાઈ શકે છે. વાળ નબળા પડી જાય છે અને ખરવા લાગે છે, તેની ચમક ગુમાવે છે. ત્વચા શુષ્ક અને નિર્જીવ દેખાઈ શકે છે. ક્યારેક, બાળકોની રોગપ્રતિકારક શક્તિ પણ નબળી પડી જાય છે, જેના કારણે વારંવાર શરદી અને અન્ય ચેપ થાય છે. વધુમાં, બાળકોનું ધ્યાન ઓછું થવું, ચીડિયાપણું વધવું અને રમવામાં રસ ઓછો થવો પણ આના સંકેતો હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં, ઘાને રૂઝવામાં વધુ સમય લાગવો એ પણ પ્રોટીનની ઉણપ સૂચવે છે.

પ્રોટીનની ઉણપ બાળકોના એકંદર વિકાસને અસર કરી શકે છે. આ તેમના વિકાસને ધીમું કરી શકે છે અને યોગ્ય શરીરના વિકાસને અટકાવી શકે છે. સ્નાયુઓ નબળા પડે છે અને શારીરિક શક્તિમાં ઘટાડો થાય છે, જેના કારણે થાક લાગે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ચેપનું જોખમ વધારે છે અને વારંવાર બીમારીઓ તરફ દોરી શકે છે.

વધુમાં, માનસિક વિકાસ પ્રભાવિત થઈ શકે છે, જે શીખવા અને સમજણને અસર કરે છે. લાંબા ગાળાની નિષ્ક્રિયતા આત્મવિશ્વાસ ગુમાવવા અને પ્રવૃત્તિમાં વિલંબ તરફ દોરી શકે છે. આ તેમના દૈનિક જીવન અને શિક્ષણ બંનેને અસર કરી શકે છે. બાળકોના આહારમાં પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ કરવો મહત્વપૂર્ણ છે. દૂધ, દહીં, ચીઝ, કઠોળ, ઈંડા, સોયા અને બદામ જેવા ખોરાકને સારા સ્ત્રોત માનવામાં આવે છે. બાળકોને બધા જરૂરી પોષક તત્વો મળે તેની ખાતરી કરવા માટે સંતુલિત દૈનિક આહાર જાળવવો મહત્વપૂર્ણ છે. જંક ફૂડ અને પેકેજ્ડ ફૂડ ટાળો, કારણ કે તેમાં પોષણ ઓછું હોય છે. તેમને સમયસર ખવડાવવું અને તેમના આહારમાં વિવિધતા જાળવવી પણ મહત્વપૂર્ણ છે. વધુમાં, બાળકોને સારી વૃદ્ધિ અને તેમના શરીરને મજબૂત બનાવવા માટે શારીરિક પ્રવૃત્તિમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરો.



વૈશ્વિક સ્તરે લીવરની સમસ્યાઓમાં ઝડપી વધારો

લેન્સેટના અહેવાલમાં દાવો ૨૦૫૦ સુધીમાં ૨ અબજ લોકો થશે પ્રભાવિત

રાજકોટ, તા. ૧૯

લીવર સંબંધિત સમસ્યાઓ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં વધી રહી છે. છેલ્લા ચાર દાયકાઓમાં, લીવર સંબંધિત કેસોની સંખ્યામાં લગભગ ૧૫૦ ગણો વધારો થયો છે. ''ધ લેન્સેટ ગેસ્ટ્રોએન્ટેરોલોજી એન્ડ હેપેટોલોજી'' જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ૨૦૨૩ માં વિશ્વભરમાં આશરે ૧.૩ અબજ લોકો મેટાબોલિક ડિસફંક્શન-એસોસિએટેડ સ્ટીટોટિક લીવર ડિસીઝ (MASLD) સાથે જીવશે. આ દર ૧૯૯૦ કરતા ૧૪૩ ટકા વધારે છે. ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ, ઈન્જરીઝ અને રિસ્ક ફેક્ટર્સ સ્ટડી (GBD) ૨૦૨૩ ના ડેટાના આધારે, અભ્યાસમાં એવો પણ અંદાજ છે કે ૨૦૫૦ સુધીમાં ખઅજ્ઝઉ કેસોની વૈશ્વિક સંખ્યા આશરે ૧.૮ અબજ સુધી વધી શકે છે. આ રોગમાં સતત વધારો મુખ્યત્વે વસ્તી વૃદ્ધિ અને ઝડપી જીવનશૈલીમાં પરિવર્તન, તેમજ સ્થૂળતા અને હાઈ બ્લડ સુગરના વધતા દરને કારણે છે.

ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ (GBD) ૨૦૨૩ ખઅજ્ઝઉ કોલાબોરેટર્સ તરીકે કામ કરતા સંશોધકોએ તેમના અભ્યાસમાં એ પણ શોધી કાઢ્યું કે ઉત્તર આફ્રિકા અને મધ્ય પૂર્વ જેવા પ્રદેશોમાં અન્ય પ્રદેશો કરતાં MASLD નો દર વધુ છે. તેમણે એ પણ જોયું કે નોંધપાત્ર સંખ્યામાં લોકો આ રોગથી પ્રભાવિત થઈ રહ્યા છે, પરંતુ મૃત્યુ દર સંતુલિત છે. રોગની એકંદર આરોગ્ય અસર - બીમારી અથવા મૃત્યુના કેસોની સંખ્યા દ્વારા માપવામાં આવે છે - સ્થિર રહી છે. સંશોધકોએ તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે આ પરિણામો સૂચવે છે કે સારવાર અને સંભાળમાં પ્રગતિ લોકોને લાંબુ અને સ્વસ્થ જીવન જીવવામાં મદદ કરી રહી છે, અને અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં વધારો મોટે ભાગે રોગના પ્રારંભિક તબક્કામાં થાય છે.

જો કે, તેમણે એ પણ નોંધ્યું હતું કે રોગના વધતા વ્યાપનો અર્થ એ છે કે ભવિષ્યમાં ઘણા લોકો લીવર સિરોસિસ અથવા કેન્સર જેવી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓના જોખમમાં રહે છે. ટીમે જણાવ્યું હતું કે અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શહેરીકરણ અને જીવનશૈલીમાં પરિવર્તનને કારણે, ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં યુવાનો પર MASLD ની અસર વધુ દેખાય છે.

કસરત પછી સ્નાયુઓમાં દુઃખાવો કેમ થાય છે?

દુખાવાના કેટલાક સામાન્ય લક્ષણોમાં સ્નાયુઓમાં જડતા, ભારેપણું, હળવો સોજો, નબળાઇ અને હલનચલનમાં મુશ્કેલીનો સમાવેશ થાય છે.



રાજકોટ, તા. ૧૯

ઘણા લોકો કસરત કરે છે, પરંતુ પછી સ્નાયુઓમાં દુખાવો થવો સામાન્ય છે, ખાસ કરીને જ્યારે કસરત નવી અથવા સખત હોય. આ દુખાવાના કેટલાક સામાન્ય લક્ષણોમાં સ્નાયુઓમાં જડતા, ભારેપણું, હળવો સોજો, નબળાઇ અને હલનચલનમાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. ક્યારેક, સ્નાયુઓને સ્પર્શ કરવાથી પણ દુખાવો થઈ શકે છે, અને શરીર જડતા અનુભવી શકે છે. આ દુખાવો સામાન્ય રીતે વર્કઆઉટ પછી ૧૨ થી ૨૪ કલાક પછી શરૂ થાય છે અને ૨ થી ૩ દિવસ સુધી, ક્યારેક ૪ થી ૫ દિવસ સુધી રહી શકે છે. આ સમય દરમિયાન, સીડી ચડવી, બેસવું, ઊભા રહેવું અથવા તમારા હાથ ઉંચા કરવા મુશ્કેલ બની શકે છે.

ઘણા લોકો માને છે કે આ એક ગંભીર સમસ્યાની નિશાની છે, પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં, તે એક સામાન્ય પ્રતિક્રિયા છે. નવી વર્કઆઉટ અથવા પ્રવૃત્તિમાં અચાનક વધારો થયા પછી આ સમસ્યા વધુ સામાન્ય છે. કેટલાક લોકોમાં, તે હળવી હોય છે, જ્યારે અન્ય લોકોમાં, દુખાવો વધુ ગંભીર હોઈ શકે છે. જો કે, આ સ્થિતિ સામાન્ય છે અને ધીમે ધીમે તેની જાતે જ દૂર થઈ જાય છે. ચાલો સમજીએ કે સ્નાયુઓમાં દુખાવો શા માટે થાય છે અને તેને કેવી રીતે અટકાવવું. જ્યારે વર્કઆઉટ દરમિયાન સ્નાયુઓને સામાન્ય કરતાં વધુ તણાવ આપવામાં આવે છે, ત્યારે સૂક્ષ્મ ફેરફારો થાય છે, જે પીડાનું કારણ બની શકે છે. ખાસ કરીને જ્યારે તમે નવી કસરત શરૂ કરો છો અથવા અચાનક તમારી કસરતની તીવ્રતામાં વધારો કરો છો, ત્યારે સ્નાયુઓ તેની આદત પામતા નથી, જેના કારણે તેમના પર વધુ તાણ આવે છે. આ દુખાવો ઘણીવાર તરત જ થતો નથી, પરંતુ થોડા કલાકો પછી અથવા બીજા દિવસે, વિલંબિત સ્નાયુ દુખાવા તરીકે ઓળખાતી સ્થિતિ. આ શરીરમાં એક કુદરતી પ્રક્રિયા છે, જેમાં સ્નાયુઓ પોતાને રિપેર અને મજબૂત બનાવે છે. જેમ જેમ શરીર દિનચર્યાથી ટેવાઈ જાય છે, તેમ તેમ દુખાવો ઓછો થાય છે અને સહનશક્તિ વધે છે. જો યોગ્ય ફોર્મ અને ટેકનિક સાથે કસરતો કરવામાં ન આવે, તો સ્નાયુઓ ખોટા તાણનો ભોગ બની શકે છે, જે પીડા વધારી શકે છે. ઘણા લોકો યોગ્ય માર્ગદર્શન વિના કસરત કરવાનું શરૂ કરે છે, જે અયોગ્ય કસરત પ્રદર્શન તરફ દોરી જાય છે. આનાથી શરીરના ખોટા ભાગો પર વધુ પડતો તાણ આવી શકે છે, જેનાથી સ્નાયુઓમાં તાણ, અસ્વસ્થતા અથવા ઈજા થવાનું જોખમ વધી શકે છે. વધુ પડતું વજન ઉપાડવાથી અથવા ખૂબ ઝડપથી કસરત કરવાથી પણ સમસ્યા વધી શકે છે. ખોટા ફોર્મ સાથે લાંબા સમય સુધી કસરત કરવાથી પણ પુનઃપ્રાપ્તિમાં અવરોધ આવે છે. તેથી, યોગ્ય તકનીક, સંતુલન અને ધીમે ધીમે પ્રેક્ટિસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્નાયુઓમાં દુખાવો ટાળવા માટે, વર્કઆઉટ પહેલાં ગરમ થવું અને પછી ઠંડુ થવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. કસરતની તીવ્રતા ધીમે ધીમે વધારવી જોઈએ જેથી સ્નાયુઓને અનુકૂલન કરવાનો સમય મળે અને અચાનક તાણ ટાળી શકાય. સ્નાયુઓને યોગ્ય રીતે સ્વસ્થ થવા દેવા માટે પૂરતો આરામ આપવો પણ જરૂરી છે. સંતુલિત આહાર, ખાસ કરીને પ્રોટીનયુક્ત ખોરાક અને પૂરતા પ્રમાણમાં પાણી પીવાથી સ્નાયુઓ સ્વસ્થ થાય છે. નિયમિત ખેંચાણ અને હળવી પ્રવૃત્તિ પણ પીડા ઘટાડવામાં મદદ કરે છે. સતત દિનચર્યાનું પાલન કરવાથી સ્નાયુઓ મજબૂત બને છે અને ધીમે ધીમે દુખાવો ઓછો થાય છે.

ફળ નહીં, પણ ઝેરનું સેવન કરે છે લોકો!

રાસાયણિક રીતે પાકેલા ફળો સામે FSSAI એ ચેતવણી જારી કરી

રાજકોટ, તા. ૧૯

ફળ પ્રેમીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ સ્પષ્ટ કર્યું છે કે ફળોને પકવવા માટે જોખમી રસાયણોનો ઉપયોગ સહન કરવામાં આવશે નહીં. ગુરુવારે જારી કરાયેલા એક આદેશમાં, FSSAI એ જણાવ્યું હતું કે કેલ્શિયમ કાર્બાઇડ જેવા રસાયણોનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. આદેશમાં જણાવાયું છે કે કેરી, કેળા અને પપૈયા જેવા ફળોને કેલ્શિયમ કાર્બાઇડ જેવા રસાયણોથી પકવવા સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. તેનાથી ઉલટી, ત્વચાની સમસ્યાઓ અને ગળવામાં તકલીફ થઈ શકે છે. વધુમાં, કેટલાક વેપારીઓ ફળોને ઇથેફોન જેવા રાસાયણિક દ્રાવણમાં ડુબાડીને પકવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે પણ સખત પ્રતિબંધિત છે. FSSAI એ જણાવ્યું છે કે ફક્ત ઇથિલિન ગેસનો સલામત ઉપયોગ જ માન્ય છે, અને તે પણ સ્થાપિત

નિયમોમાં. રાજ્યના ખાદ્ય સુરક્ષા અધિકારીઓને હવે મંડીઓ, વેરહાઉસ અને જથ્થાબંધ બજારોમાં કડક નિરીક્ષણ કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. જ્યાં પણ શંકા હોય ત્યાં દરોડા પાડવામાં આવે અને કાર્યવાહી કરવામાં આવે. જે કોઈ પણ કેલ્શિયમ કાર્બાઇડ અથવા તેના જેવા ગેરકાયદેસર રસાયણો સાથે મળી આવશે તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. ફળો કૃત્રિમ રીતે પકવવામાં આવ્યા છે કે નહીં તે નક્કી કરવા માટે હવે ખાસ પરીક્ષણ પેપરનો ઉપયોગ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે બજારમાં વેચાતા ફળો પર કડક નજર રાખવામાં આવશે જેથી જાહેર આરોગ્યને કોઈ નુકસાન ન થાય. બધા રાજ્યોના ખાદ્ય સુરક્ષા અધિકારીઓને બજારો, વેરહાઉસ અને જથ્થાબંધ બજારોમાં કડક નિરીક્ષણ કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. જ્યાં પણ શંકા હશે ત્યાં દરોડા પાડવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ પણ વ્યક્તિ કેલ્શિયમ કાર્બાઇડ અથવા સમાન ગેરકાયદેસર રસાયણો સાથે મળી આવશે તો તેને કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા કમિશનરો અને પ્રાદેશિક નિર્દેશકોને ફળ બજારો, વેરહાઉસ અને સંગ્રહ સુવિધાઓમાં દેખરેખ વધારવાનો નિર્દેશ આપ્યો છે. તેમને ખાસ કરીને કેલ્શિયમ કાર્બાઇડ, જેને સામાન્ય રીતે ''મસાલા'' તરીકે ઓળખવામાં આવે છે, તેના ઉપયોગ પર દેખરેખ રાખવા માટે કહેવામાં આવ્યું છે, જેનો ઉપયોગ વેપારીઓ દ્વારા ફળોને ઝડપથી પકવવા માટે કરવામાં આવે છે.

ઓથોરિટીએ જણાવ્યું હતું કે કેલ્શિયમ કાર્બાઇડનો ઉપયોગ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૧૧ હેઠળ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. તે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે અને ગળવામાં મુશ્કેલી, ઉલટી અને ત્વચા પર જખમ જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. વધુમાં, FSSAI એ ઇથેફોનના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી છે. જ્યારે ઇથિલિન ગેસને સલામત અને મર્યાદિત ઉપયોગ માટે મંજૂરી છે, ત્યારે રાસાયણિક દ્રાવણમાં ફળોને સીધા ડુબાડવા એ નિયમોનું ઉલ્લંઘન છે.

પાલન સુનિશ્ચિત કરવા માટે, FSSAI એ જથ્થાબંધ બજારો અને વિતરણ કેન્દ્રોમાં ખાસ નિરીક્ષણનો નિર્દેશ આપ્યો છે. પ્રતિબંધિત રસાયણોની કોઈપણ શોધને તાત્કાલિક કાનૂની કાર્યવાહી માટેનો આધાર ગણવામાં આવશે. ઓથોરિટીએ એમ પણ જણાવ્યું હતું કે જો ફળોમાંથી કેલ્શિયમ કાર્બાઇડ મળી આવશે, તો તેને પુરાવા તરીકે ગણવામાં આવશે અને સંબંધિત વ્યવસાયો સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

ગરમીમાં સ્કીન કેન્સર થવાની પ્રબળ સંભાવના

હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોના પગલે લોકોની સમસ્યામાં વધારો થવાની ભીતિ

રાજકોટ, તા. ૧૯

ત્વચા કેન્સર એ એક એવો રોગ છે જેમાં ત્વચાના કોષો અસામાન્ય રીતે વધવા લાગે છે. મુખ્ય કારણ સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણો હોવાનું માનવામાં આવે છે, જે ત્વચામાં ઊંડે સુધી પ્રવેશ કરે છે અને નુકસાન પહોંચાડે છે. લાંબા સમય સુધી સૂર્યપ્રકાશ, વારંવાર તડકામાં બર્ન, ત્વચાનો પ્રકાશ અને અસુરક્ષિત સંપર્ક પણ જોખમ વધારી શકે છે. ઉનાળામાં વધુ તીવ્ર સૂર્યપ્રકાશ અને વધુ યુવી એક્સપોઝર હોય છે, જેના કારણે ત્વચા કેન્સરનું જોખમ વધે છે. જોકે આ ફક્ત ઉનાળા પૂરતું મર્યાદિત નથી, આ ઋતુ દરમિયાન જોખમ વધારે છે. લોકો ઘણીવાર સૂર્ય સંરક્ષણની અવગણના કરે છે, જેના કારણે ત્વચાને સતત નુકસાન થાય છે. તેથી, આ મુદ્દાને સમજવું અને સતર્ક રહેવું મહત્વપૂર્ણ છે. ચાલો જોઈએ કે ઉનાળામાં ત્વચા કેન્સરનું જોખમ કેમ વધે છે.

ઉનાળામાં, સૂર્યના કિરણો પૃથ્વી પર વધુ સીધા અને વધુ તીવ્રતા સાથે અથડાતા હોય છે, જેનાથી યુવી કિરણોત્સર્ગનું સ્તર વધે છે. વારંવાર સૂર્યપ્રકાશ ત્વચાના કોષોને નુકસાન પહોંચાડે છે, જે આખરે કેન્સર તરફ દોરી શકે છે. બપોરના સમયે સૂર્ય

ખાસ કરીને હાનિકારક છે. સનસ્ક્રીન, ટોપી અથવા અન્ય સુરક્ષા વિના બહાર જવાથી જોખમ વધુ વધે છે. વધુમાં, ઉનાળામાં પરસેવો અને ધૂળ પણ ત્વચાને નુકસાન પહોંચાડે છે, જે તેને વધુ સંવેદનશીલ બનાવે છે. સૂર્યપ્રકાશના સતત સંપર્કમાં રહેવાથી ત્વચાનું કુદરતી રક્ષણાત્મક સ્તર નબળું પડે છે. ગોરી ત્વચા ધરાવતા લોકો અથવા લાંબા સમય સુધી બહાર કામ કરતા લોકોમાં આ જોખમ વધુ હોય છે. લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ત્વચાની રક્ષણાત્મક ક્ષમતાઓ નબળી પડે છે, જેનાથી ત્વચાના કેન્સરનું જોખમ વધે છે.

ત્વચાના કેન્સરના લક્ષણો શરૂઆતમાં હળવા હોઈ શકે છે, તેથી તેમને ઓળખવા મહત્વપૂર્ણ છે. ચિહ્નોમાં ત્વચા પર નવો છછુંદર અથવા ડાઘ દેખાવા, જૂના છછુંદરના કદ અથવા રંગમાં ફેરફાર, ઝડપથી રૂઝ ન આવતો ઘા અને ખંજવાળ અથવા બળતરાનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, ત્વચા પર લાલ, ભૂરા અથવા કાળા રંગના અસામાન્ય પેચ પણ દેખાઈ શકે છે. જો આ ફેરફારો લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તેમને અવગણવા જોઈએ નહીં. ત્વચાના કેન્સરને રોકવા માટે સૂર્ય સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે. બહાર જતી વખતે, સનસ્ક્રીનનો ઉપયોગ કરો, સંપૂર્ણ બાંયના કપડાં પહેરો અને ટોપી અથવા છત્રી રાખો. તીવ્ર સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળો અને તમારી ત્વચાને સ્વચ્છ અને હાઈડ્રેટેડ રાખો. તમારી ત્વચાની નિયમિત તપાસ કરો અને જો તમને કોઈ અસામાન્ય ફેરફારો દેખાય તો તરત જ ડોક્ટરની સલાહ લો. ત્વચા કેન્સર એક ગંભીર રોગ છે, અને ઉનાળા દરમિયાન તેનું જોખમ વધી શકે છે. તેથી, તેના કારણો, લક્ષણો અને નિવારણ પદ્ધતિઓ સમજવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

દરેકમાં પરશુરામ તત્વ આવે એ જ પ્રાર્થના : અનિરુદ્ધ દવે

રાજકોટમાં પરશુરામ જન્મ જયંતીની ઉજવણીમાં પ્રદેશ ભાજપના મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી અનિરુદ્ધ દવે રહ્યા હાજર : ખૂબ મોટી સંખ્યામાં બ્રહ્મ આગેવાનો જોડાયા

રાજકોટ, તા. ૧૯

અખાત્રીજના પાવન પ્રસંગે દેશભરમાં પરશુરામ જન્મ જયંતીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ત્યારે રાજકોટની વાત કરવામાં આવે તો વહેલી સવારથી શહેરના વિવિધ વિસ્તારોમાં પરશુરામ જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે ગઈકાલે સાંજે પાંચ કલાકે પંચનાથ મંદિરથી ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું જે યાત્રા પરશુરામ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આ શોભાયાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના આગેવાનો જોડાયા હતા અને પરશુરામ મંદિર ખાતે ભવ્ય પ્રસાદનો પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગઈકાલ સવારે બ્રહ્મ આગેવાન જીતુભાઈ મહેતા દ્વારા પૂજન અર્ચનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને સૌરાષ્ટ્રના પ્રભારી અનિરુદ્ધ દવે હાજર રહ્યા હતા. અને આ પ્રસંગે અનિરુદ્ધભાઈ દવે રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે દરેક લોકો કહે છે કે પરશુરામ અતિ ક્રોધિત વ્યક્તિત્વ છે પરંતુ તે વાત સાચી નથી જ્યારે અન્યાય થયો ત્યારે જ પરશુરામ એ ક્રોધ આગની પ્રગટાવી બાકી તેઓ અત્યંત શાંત વ્યક્તિત્વ છે અને ખાસ સનાતન ધર્મના ખરા સિદ્ધાંતોને જીવનમાં કઈ રીતે ઉતારવા તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવેલું છે. ત્યારે તેઓએ જણાવ્યું હતું કે દરેક માં પરશુરામ તત્વ આવે તે ખૂબ જરૂરી છે. તેમના જણાવ્યા અનુસાર કોઈ વ્યક્તિએ થતો અન્યાય સહન ન કરવો જોઈએ અને તેનો પ્રતિકાર કરવો એ જ સાચી વિચારધારા છે ત્યારે અનિરુદ્ધભાઈ દવે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રને ગુજરાતના બ્રહ્મ સમાજના આગેવાનોને પરશુરામ જયંતિ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

શહેર ભાજપના આગેવાનો પણ ખાસ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તો બીજી તરફ ગઈકાલે પંચાયત મંદિર ખાતેથી યોજાયેલી ભવ્ય શોભા યાત્રામાં અનેક લોકો જોડાયા હતા અને જય પરશુરામના નાદ સાથે સમગ્ર વાતાવરણ ઊર્જાવાન બન્યું હતું. માત્ર અનિરુદ્ધ દવે જ નહીં પરંતુ સમાજના અનેક ટોચના બ્રહ્મ આગેવાનો પણ પૂજા અર્ચનામાં જોડાયા હતા. બ્રહ્મ આગેવાન જીતુભાઈ મહેતાએ પણ રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ અધર્મ અને વિદર્મને દૂર કરવા માટે રણ મેદાનમાં આવશે ત્યારે કહેવાશે કે ખરા અર્થમાં ભગવાન પરશુરામના જે વિચારો છે તે ફલિત થયા છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે હાલ વિશ્વમાં જે અશાંતિ ફેલાણી છે તે સ્થિતિનું નિર્માણ ફરી વખત ન થાય તે માટે દરેકે ભગવાન પરશુરામના વિચારોને અપનાવવા જોઈએ ત્યારે મહિલા અનામત બીલનો જે પક્ષે વિરોધ કર્યો તે અત્યંત દુઃખની બાબત છે.

GSTના ભ્રષ્ટ અધિકારીઓ પર ACBની તવાઈ

GSTના બે અધિકારી ૧૦ લાખની લાંચ લેતા ઝડપાયા

૫૫ લાખની લાંચનું સેટિંગ ભારે પડ્યું! નડિયાદમાં સેન્ટ્રલ જીએસટીના બે અધિકારીઓને એસીબીએ ઝાલી લેતા ચકચાર

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ અને નડિયાદ પંથકમાં ભ્રષ્ટાચારનો મોટો ધડાકો થયો છે. પરિવહન વ્યવસાય સાથે સંકળાયેલા એક જાગૃત નાગરિકની ફરિયાદને આધારે ગુજરાત એસીબીએ ફિલ્મી ઢબે છટકું ગોઠવીને જીએસટીના બે ક્લાસ-૨ અધિકારીઓને દબોચી લીધા છે.'લાંચિયા' બાબુઓમાં જીએસટી ઈન્સ્પેક્ટર (ક્લાસ-૨) સુબોધ સુભાષ ચૌહાણ અને સેન્ટ્રલ જીએસટી (ક્લાસ-૨) સુપરિન્ટેન્ડેન્ટ, અમરનાથ ગોવર્ધનરામ સરોજનો સમાવેશ થાય છે. માલસામાન ભરેલી ટ્રક છોડવા માટે આ અધિકારીઓએ કાયદાના નામે ડરાવીને અધધ ૫૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી!

ફરિયાદીએ ૧૦૬૪ હેલ્પલાઈન પર ફરિયાદ કરતા એસીબી એક્શનમાં આવી હતી. ૫૫ લાખમાંથી ૧૦ લાખનો પહેલો હપ્તો લેવાનું નક્કી થયું હતું. ૧૮ એપ્રિલના રોજ જેવી લાંચની રકમ સ્વીકારવામાં આવી, કે તરત જ એસીબીની ટીમે ત્રાટકીને બંને અધિકારીઓને લાખોની રોકડ સાથે દબોચી લીધા હતા. તંત્ર દ્વારા જણાવાયું છે કે ગમે તેટલા મોટા અધિકારી હોય, જો લાંચ માંગશે તો તેમને છોડવામાં નહીં આવે. આ કેસમાં ભ્રષ્ટાચાર નિરોધક કાયદા હેઠળ ગુનો નોંધીને બંને અધિકારીઓના પાપના પોટલાં ખોલવા વધુ તપાસ તેજ કરવામાં આવી હોવાનું કહેવાય છે.એસીબીએ વધુ વિગતો આપી હતી કે ઉપરોક્ત બંને અધિકારીઓએ દસ્તાવેજોની વિસંગતતા બતાવી વાહન અટકાવ્યું હતું. અને ૫૫ લાખની માંગણી કરી બધું થાળે પાડી દેવા તૈયારી બતાવી હતી. જો કે સેન્ટ્રલ જીએસટી ઓફિસ, નડિયાદ ખાતે ગોઠવાયેલા લાંચના છટકામાં બંને અધિકારીઓ પહેલા હપ્તાના ૧૦ લાખ લેતા રંગે હાથે એસીબીએ દબોચી લેતા સમગ્ર પંથકમાં મોટી લાંચની રકમ અગે ચકચાર જાગી છે. જાણકારો કહે છે કે ''સિસ્ટમમાં સડો કરનારા આ અધિકારીઓ હવે જેલના સળિયા ગણશે! જનતા જાગૃત બને તો જ ભ્રષ્ટાચાર નાબૂદ થશે તેવું કહેવું ઉચિત છે.

વનકર્મીઓને હાઈટેક ટ્રેનિંગ, વાઘણ લાવવાની પણ વિચારણા

ગુજરાતમાં ૩૩ વર્ષ બાદ વાઘનું થશે કાયમી પુનરાગમન

અમદાવાદ, તા.૧૯

ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સમાચાર છે. રાજ્યમાં અંદાજે ૩૩ વર્ષના લાંબા ગાળા બાદ વાઘના કાયમી પુનરાગમન માટે વન વિભાગે કમર કસી છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા નજીક આવેલા ધનપુરી ઈકો-ટૂરિઝમ સેન્ટર ખાતે ત્રણ દિવસીય વિશેષ તાલીમ કાર્યશાળા શરૂ કરવામાં આવી છે. આ વર્કશોપનો મુખ્ય હેતુ ફિલ્ડ સ્ટાફને વાઘની દેખરેખ, તેના સંરક્ષણ અને મોનિટરિંગની આધુનિક પદ્ધતિઓથી સજ્જ કરવાનો છે.

વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લાના બારીયા રેન્જમાં આવેલા રતનમહાલના જંગલોમાં છેલ્લા એક વર્ષથી વાઘની હાજરી જોવા મળી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે આ વાઘ હવે ગુજરાતના પર્યાવરણ અને આબોહવા સાથે સંપૂર્ણપણે અનુકૂળ થઈ ગયો છે. ગુજરાતની જમીન પર વાઘની સતત હાજરીને જોતા હવે એવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે કે આવનારા સમયમાં રતનમહાલ અને આસપાસના જંગલ વિસ્તારો વાઘ માટે કાયમી રહેઠાણ બની શકે છે. આ તાલીમ કાર્યક્રમમાં ભારતીય વન્યજીવ સંસ્થાન (ઠ્ઠઈ) અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીના તજજ્ઞોની ટીમ દ્વારા ગુજરાતના વનકર્મીઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તાલીમ દરમિયાન કર્મચારીઓને વાઘના પદચિહ્નોની ઓળખ, તેના વ્યવહારની સમજ અને જંગલમાં તેની ગતિવિધિઓ પર નજર રાખવા માટેની આધુનિક ટ્રેકિંગ ટેકનિક શીખવવામાં આવી રહી છે. જો આ વિસ્તાર વાઘ માટે સુરક્ષિત સાબિત થશે, તો ભવિષ્યમાં અહીં માદા વાઘ લાવીને વાઘના વંશવેલાને આગળ વધારવાનું પણ આયોજન છે. પંચમહાલ ઉપરાંત દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લાના વન અધિકારીઓ પણ આ તાલીમમાં જોડાયા છે, જ્યાં તેમને જંગલમાં કામ કરવાની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી રહી છે. વન સંરક્ષક નિશા રાજે આ પહેલને ગુજરાતના વન્યજીવ ઈતિહાસ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાવી હતી. વન વિભાગનું માનવું છે કે જો આ પ્રયાસો સફળ થશે, તો ગુજરાત ફરી એકવાર એવા રાજ્યોની યાદીમાં સામેલ થઈ જશે જ્યાં સિંહની સાથે હવે વાઘ પણ કાયમી ધોરણે વસવાટ કરતા જોવા મળશે.

સિવિલમાં માનવતાનો મહાયજ્ઞઃ ૩ દિવસમાં ૩ અંગદાન

૧૧ લોકોને મળ્યું નવજીવન : અંગદાતાઓની હોસ્પિટલસૂત્રોમાં સરાહના

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે(૧૯ એપ્રિલ) માત્ર સારવારનું કેન્દ્ર જ નહીં, પરંતુ માનવતાની જ્યોતને સતત પ્રજ્વલિત રાખતું સ્થળ બની રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં હોસ્પિટલના આંગણે જે રીતે એક પછી એક ત્રણ અંગદાન અને એક ત્વચાદાનની ઘટનાઓ બની છે, તેણે સમગ્ર સમાજ માટે સેવાનો નવો રાહ ચીંધ્યો છે. આ ત્રણ દિવસના ટૂંકા ગાળામાં થયેલા 'અંગદાનના મહાયજ્ઞ' થકી ૧૦ મહત્ત્વના અંગો અને એક પેશીના દાનથી કુલ ૧૧ જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં અંધકાર દૂર થઈ નવી આશાનો સંચાર થયો છે. આ શ્રૃંખલાની પ્રથમ કડીમાં ગાંધીનગરના ૫૦ વર્ષીય બહરાનભાઈ પંડિતનો સમાવેશ થાય છે. વ્યવસાયે કડિયાકામ કરતા બહરાનભાઈ અચાનક ચક્કર આવતા પટકાયા અને અંતે બ્રેઈન ડેડ જાહેર થયા. આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમના પત્ની સંગીતાબેને અપ્રતિમ સાહસ બતાવી અંગદાનનો નિર્ણય લીધો, જેના દ્વારા મળેલા એક લીવર અને બે કિડનીએ ત્રણ વ્યક્તિઓને મોતના મુખમાંથી બચાવ્યા છે. સંવેદનાનો આવો જ બીજો કિસ્સો આઈસીયુમાં સારવાર હેઠળના ૪૨ વર્ષીય દર્દીના પરિવારે આલેખ્યો, જેમણે પોતાના અંગત સ્વજનના વિરહ વચ્ચે પણ એક લીવર, એક હૃદય અને બે કિડનીનું દાન આપીને ચાર જિંદગીઓને જીવનદાન આપ્યું હતું.

માનવતાના આ યજ્ઞમાં એક વિશેષ અને પ્રેરણાદાયી વળાંક ત્યારે આવ્યો જ્યારે નારોલના ૪૫ વર્ષીય રિક્ષાચાલક પૂરણભાઈ દંતાણીને બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. પૂરણભાઈના પત્ની અલકાબેન અને તેમના પરિવારે લીવર તેમજ બે કિડનીના દાનની સંમતિ આપીને ઈતિહાસ રચી દીધો. દંતાણી સમાજમાંથી સિવિલમાં થયેલું આ પ્રથમ અંગદાન છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના જણાવ્યા અનુસાર, સરકાર અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસોથી હવે સમાજના દરેક સ્તરે અંગદાનની જાગૃતિ પ્રસરી રહી છે. માત્ર અંગદાન જ નહીં, પરંતુ ત્વચાદાન ક્ષેત્રે પણ સિવિલ હોસ્પિટલ અગ્રેસર રહી છે. મણિનગરની કેર એન્ડ ક્યોર મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાંથી ડો. કિરણ શાહની પ્રેરણાથી ૫૧ વર્ષીય મૃતક અંજનાબેન પટેલના પતિ જતીનભાઈએ પત્નીની ત્વચાનું દાન કરવાનો ઉમદા નિર્ણય લીધો. આ દાનમાં મળેલી ત્વચા આગામી સમયમાં દાઝેલા કે ગંભીર ઈજા પામેલા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ખાસ વાત એ છે કે, ૧૯ એપ્રિલ 'વિશ્વ લીવર દિવસ'ના રોજ જ સિવિલ હોસ્પિટલે ૨૩૭માં અંગદાનનો આંકડો પાર કર્યો છે. સિવિલ હોસ્પિટલની અંગદાનની આ સફર આંકડાકીય રીતે પણ ખૂબ જ પ્રભાવશાળી છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૭ અંગદાનના માધ્યમથી ૭૮૪ અંગો અને ૨૩૭ પેશીઓ પ્રાપ્ત થયા છે. જેમાં ૨૧૧ લીવર, ૪૩૭ કિડની, ૭૫ હૃદય, ૩૪ ફેફસાં અને અન્ય અંગો સહિત કુલ ૧૦૨૧ અંગો-પેશીઓના દાન મેળવીને સિવિલ હોસ્પિટલે રાજ્ય અને દેશમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતમાં નકલીનો રાફડોઃ હવે સુરતમાં ઝડપાયું 'ડુપ્લીકેટ' ટોલનાકું!

હાઈવે બાયપાસ કરનારા વાહનચાલકો પાસેથી પંચાયતના નામે થતી હતી ઉઘાડી લૂંટ

સુરત/રાજકોટ, તા.૧૯

ગુજરાતમાં નકલી કચેરી, નકલી અધિકારીઓ અને નકલી પીએમઓ બાદ હવે 'નકલી ટોલનાકા'નું નવું સ્કેમ સામે આવ્યું છે. સુરતના કામરેજમાં નેશનલ હાઈવે-૪૮ને બાયપાસ કરતા ગ્રામ્ય રસ્તા પર એક ટોળકીએ અડિંગો જમાવીને જનતાના ખિસ્સા ખંખેરવાનું કારસ્તાન શરૂ કર્યું હતું. આ મામલે વીડિયો વાયરલ થતા જ તંત્રની ઊંઘ ઉડી છે અને તપાસના આદેશ અપાયા છે.કામરેજના ચોર્યાસી ગામની સીમમાં પંચાયતના રસ્તા પર નાકું નંખાયું હતુ. હાઈવેના મોંઘા ટોલ ટેક્સથી બચવા જે વાહનચાલકો આંતરિક રસ્તાનો ઉપયોગ કરતા, તેમને અહીં આંતરવામાં આવતા હતા. વિધિવત રસીદો ફાડીને જાણે કાયદેસરનું ટોલનાકું હોય તેમ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે જાગૃત નાગરિકોએ મંજૂરી અંગે સવાલો કર્યા, ત્યારે સંચાલકોએ ગ્રામ પંચાયતના ઠરાવનો લૂલો બચાવ કર્યો હતો. કામરેજ પી.આઈ. રામ ગોજીયાના જણાવ્યા મુજબ, પંચાયત આ રીતે રસ્તા પર ટેક્સ ઉઘરાવી શકે કે નહીં તે અંગે ટીડીઓ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. સવાલ એ થાય છે કે, શું હવે ગામડાના રસ્તે નીકળવું પણ ગુનો છે? જાગૃત લોકોમાં પ્રશ્નોનો મારો ચલાવાયો છે કેતંત્રની આંખ આડા કાન કેમ? આટલા લાંબા સમયથી જાહેરમાં લૂંટ ચાલતી હતી, તો પોલીસ કે વહીવટી તંત્ર કેમ ઊંઘતું રહ્યું? ટોલનાકું હટાવી દેવાયું પણ ગુનો કેમ ન નોંધાયો? શું સંચાલકોને કોઈ મોટા માથાનું પીઠબળ છે? અત્યાર સુધીમાં કેટલાની કમાણી થઈ? અત્યાર સુધીમાં હજારો વાહનચાલકો પાસેથી ઉઘરાવેલા લાખો રૂપિયા કોના ખિસ્સામાં ગયા? સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ લોકો પૂછી રહ્યા છે કે, ''શું ગુજરાતમાં હવે ગમે ત્યાં બેરીકેટ્સ લગાવીને ઉઘરાણી શરૂ કરી દેવી એટલી સરળ છે?'' જો તંત્ર આ બાબતે કડક દાખલો નહીં બેસાડે, તો આવા 'નકલી નાકા' ઠેર-ઠેર ફૂટી નીકળશે તેવી દહેશત છે.''પંચાયતના ઓઠા હેઠળ ચાલતું આ ભ્રષ્ટાચારનું નાકું તો તૂટ્યું, પણ આ પાછળના માસ્ટરમાઈન્ડ કોણ છે? તે વાતનો પ્રજા સમક્ષ પર્દાફાશ થવો જોઈએ તેવું જાગૃત લોકોનું કહેવું છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

નવા ચહેરા જૂના મોહરા

કોંગ્રેસ માટે વકરો તેટલો નફો: ભાજપ સામે સૌથી મોટું જોખમ



નવા ચહેરા અને જૂના મોહરાની રમત રાજકોટના રાજકીય ફલક પર એક અત્યંત રસપ્રદ વળાંક લઈ આવી છે. ભારતીય જનતા પક્ષે આ વખતે રાજકોટમાં અનેક પ્રસ્થાપિત નેતાઓને પડતા મૂકીને નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવાનું સાહસ કર્યું છે. આ રણનીતિ પક્ષ માટે જેટલી આકર્ષક લાગે છે, તેટલી જ જોખમી પણ સાબિત થઈ શકે તેમ છે. ભાજપે જે નવા નામો જાહેર કર્યા છે તેમાં જ્ઞાતિ અને સમીકરણોનું ધ્યાન રાખ્યું હોવાનો દાવો છે, પરંતુ તેની સામે પક્ષમાં અને પક્ષની બહાર જે અસંતોષ ફાટી નીકળ્યો છે તે ચિંતાનો વિષય છે.

બીજી તરફ કોંગ્રેસની સ્થિતિ તદ્દન અલગ છે. કોંગ્રેસે આ વખતે આભા જેવા પ્રયોગો કરીને મેદાનમાં ઝંપલાવ્યું છે. કોંગ્રેસ પાસે ગુમાવવા જેવું કંઈ ખાસ નથી, તેથી આ પ્રયોગાત્મક ચૂંટણી તેમના માટે નવી આશા જન્માવી શકે છે.તેમના માટે વકરો તેટલો નફો, જેવી સ્થિતિ છે.

ભાજપ માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે અસંતોષ માત્ર પક્ષના કાર્યકરો પૂરતો મર્યાદિત રહ્યો નથી. વિરોધના સૂર હવે રસ્તા પર મોરચા સ્વરૂપે દેખાઈ રહ્યા છે. સામાન્ય રીતે ભાજપ પોતાની શિસ્ત અને ડેમેજ કંટ્રોલ માટે જાણીતો છે, પરંતુ આ વખતે આશ્ચર્યજનક રીતે આ અસંતોષ મેનેજ થયો નથી. વિવિધ સમાજોમાં પક્ષ પ્રત્યે ધુંધવાટ છે. ખાસ કરીને રઘુવંશી સમાજે જે રીતે રણશિંગું ફૂંક્યું છે, તેણે પક્ષની ઊંઘ ઉડાડી દીધી છે. પક્ષમાં આંતરિક સ્થિતિ પણ વિસ્ફોટક જોવા મળી રહી છે. જે નેતાઓના પત્તા કપાયા છે તેઓ હવે જાહેરમાં ન હોવા છતાં અંદરખાને નિષ્ક્રિય બની ગયા છે. આ નિષ્ક્રિયતા મતદાનના દિવસે ભાજપના ગણિતને બગાડી શકે તેવી પૂરેપૂરી આશંકા છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ થવાની ભીતિ પણ સંગઠનને સતાવી રહી છે. હવે જ્યારે સ્થાનિક નેતાગીરી નિષ્ફળ દેખાઈ રહી છે, ત્યારે બધો જ મદાર કેન્દ્રીય નેતાગીરી પર આવી ગયો છે. દિલ્હીથી થનારી હિલચાલ અને પડદા પાછળ ખેલાનારા ખેલ જ હવે પક્ષની નૌકા પાર ઉતારી શકે છે. અત્યારે મતદારોનો મિજાજ ઓળખવો અશક્ય છે. લોકો મૌન છે અને આ મૌન કોઈ મોટા ઉલટફેર તરફ ઈશારો કરી રહ્યું હોય તેમ લાગે છે. નવા ચહેરાઓને જનતા સ્વીકારશે કે જૂના મોહરાઓની બાદબાકી પક્ષને નડશે, તે જોવું રહ્યું.

આ ચૂંટણી માત્ર બે પક્ષો વચ્ચેનો જંગ નથી, પણ અસંતોષ અને શિસ્ત વચ્ચેની પણ લડાઈ છે. રાજકોટની જનતા આ વખતે કોના પર કળશ ઢોળશે તે તો સમય જ બતાવશે, પણ પક્ષ માટે આ રસ્તો કાંટાળો છે તેમાં શંકા નથી.

CECની મુશ્કેલીઓ વધવાની તૈયારીમાં

વિપક્ષ જ્ઞાનેશ કુમાર સામે નવી નોટિસ આપવાની કરી રહ્યું છે તૈયારી

નવીદિલ્હી, તા. ૧૯

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હટાવવા માટે વિપક્ષી પક્ષો ફરી એકવાર સક્રિય થઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષે તેમને હટાવવા માટે પ્રસ્તાવ રજૂ કરવાનો નિર્ણય લીધો છે. બંધારણ (૧૩૧મો સુધારો) બિલ વિપક્ષ દ્વારા હરાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉની સૂચનાને નકારી કાઢવા છતાં, વિપક્ષે આ મુદ્દા પર એક નવો નિર્ણય લેવાની તૈયારી શરૂ કરી દીધી છે. સૂત્રો સૂચવે છે કે અનેક મુખ્ય વિરોધ પક્ષોના નેતાઓ ચર્ચામાં છે અને ટૂંક સમયમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગણી સાથે એક નવો પ્રસ્તાવ રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. એવું અહેવાલ છે કે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને DMK સહિત અનેક પક્ષોના ઓછામાં ઓછા પાંચ વરિષ્ઠ સાંસદો સંયુક્ત રીતે નવી સૂચનાનો મુસદ્દો તૈયાર કરી રહ્યા છે. જોકે, હજુ સુધી એ નક્કી થયું નથી કે આ પ્રસ્તાવ લોકસભામાં રજૂ કરવામાં આવશે કે રાજ્યસભામાં, અથવા બંને ગૃહોમાં એકસાથે રજૂ કરવામાં આવશે, જેમ કે ગયા વખત કરવામાં આવ્યું હતું.

સૂત્રો સૂચવે છે કે વિપક્ષ જ્ઞાનેશ કુમાર સામેના નવા આરોપોની યાદી સાથે એક નવો પ્રસ્તાવ તૈયાર કરશે. લોકસભામાં બંધારણ સુધારા બિલ પર મળેલી જીતથી ઉત્સાહિત, વિપક્ષ આ વખતે સહી કરનારાઓની સંખ્યા વધારવાની આશા રાખે છે. આવતા અઠવાડિયે એક નવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ વખતે, વિપક્ષ પોતાના પ્રયાસોને મજબૂત બનાવવા માંગે છે. એવું જાણવા મળ્યું છે કે વિપક્ષી પક્ષો ઓછામાં ઓછા ૨૦૦ સાંસદોના હસ્તાક્ષર એકત્રિત કરવાની વ્યૂહરચના બનાવી રહ્યા છે. ૬ એપ્રિલે વિવિધ આધારો પર તેમની અગાઉની નોટિસ નકારી કાઢવામાં આવ્યા બાદ, વિપક્ષ નવી નોટિસ દ્વારા સંદેશ મોકલવા માટે લોકસભાના ઓછામાં ઓછા ૨૦૦ સાંસદો અને રાજ્યસભાના આશરે ૮૦ સાંસદોના હસ્તાક્ષર મેળવવાની યોજના ધરાવે છે. એક વરિષ્ઠ સૂત્રના જણાવ્યા અનુસાર, અમે આ વખતે એક મજબૂત સંદેશ મોકલવા માંગીએ છીએ અને બતાવવા માંગીએ છીએ કે ગઈ વખતે સમર્થન ઓછું આંકવામાં આવ્યું હતું.

પાછલી નોટિસમાં, વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. આમાં ચૂંટણી પંચની સ્વતંત્રતા જાળવવામાં નિષ્ફળતા, કારોબારી તંત્રના દબાણ હેઠળ કામ કરવું અને તેની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બિહાર સહિત અનેક રાજ્યોમાં ચૂંટણી પ્રક્રિયાઓમાં પારદર્શિતાનો અભાવ, ડેટા શેર ન કરવા અને સ્પેશિયલ ઇલેક્ટોરલ રોલ્સ રિવિઝન (SIR) દ્વારા મતદારોને પ્રભાવિત કરવાના આરોપો લગાવવામાં આવ્યા હતા. ૧૨ માર્ચે, રાજ્યસભાના ૬૩ સભ્યો અને લોકસભાના ૧૩૦ સભ્યોએ કુમારને મુખ્ય કમિશનર પદ પરથી દૂર કરવા માટે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જોકે, ૬ એપ્રિલે બંને ગૃહોના અધ્યક્ષોએ તેને નકારી કાઢ્યો હતો. નોટિસને ફગાવી દેતા, રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણન અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે વિપક્ષ બંધારણ હેઠળ કુમાર સામે ગેરવર્તણૂકનો પ્રથમ દૃષ્ટિએ કેસ સ્થાપિત કરવા માટે પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયો છે.

બંધારણમાં મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની માંગ કરતી નોટિસ માટે લોકસભામાં ૧૦૦ અને રાજ્યસભામાં ૫૦ સહીઓની જરૂર છે. ૧૨ માર્ચે તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વમાં રજૂ કરાયેલી નોટિસમાં, વિપક્ષે લોકસભામાં ૧૩૦ અને રાજ્યસભામાં ૬૩ સહીઓ કરી હતી. વિપક્ષે કુમાર પર ભાજપ સાથે સાંઠગાંઠનો આરોપ લગાવ્યો છે અને ખાસ ચૂંટણી સુધારા બિલ માટે તેમની ટીકા પણ કરી રહ્યું છે.

પહેલી વર્ષગાંઠ પૂર્વે પહેલગામમાં સ્માર્ટ સુરક્ષા

સ્કેન આતંકવાદીના રહસ્યો જાહેર કરશે : પાકિસ્તાનના કાવતરાઓને નિષ્ફળ બનાવવાશે

નવીદિલ્હી, તા. ૧૯

જમ્મુ અને કાશ્મીરના અધિકારીઓએ પ્રવાસીઓની સલામતી વધારવા માટે પહેલગામમાં તમામ પ્રવાસી સેવા પ્રદાતાઓ માટે ચછ કોડ આધારિત ઓળખ પ્રણાલી રજૂ કરી છે. પહેલગામ ૨૦૨૫ માં લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ દ્વારા થયેલા ઘાતક હુમલાથી હચમચી ગયું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ પોની-રાઇડ ઓપરેટરો, ફેરિયાઓ, વ્યાપારી સંસ્થાઓ અને બહારના વિક્રેતાઓ સહિત વાસ્તવિક અને નોંધાયેલા સેવા પ્રદાતાઓની ઓળખ અને ચકાસણીને સરળ બનાવે છે. અધિકારીઓએ આ પહેલને અનંતનાગ જિલ્લામાં આવેલા આ લોકપ્રિય પ્રવાસન સ્થળ પર મુલાકાતીઓનો વિશ્વાસ જાળવવા માટે એક મુખ્ય પગલું ગણાવ્યું છે. ગયા વર્ષે ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાએ દેશભરમાં આંચકો આપ્યો હતો, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા. આ હુમલો બૈસરન ઘાસના મેદાનોમાં થયો હતો. એક અધિકારીના જણાવ્યા અનુસાર, દરેક સેવા પ્રદાતાની પોલીસ ટીમ દ્વારા સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે, નોંધણી કરવામાં આવી છે અને તેને વ્યક્તિ વિશેની વ્યક્તિગત માહિતી અને અન્ય વિગતો ધરાવતો ચછ કોડ સોંપવામાં આવ્યો છે. અધિકારીઓએ સમજાવ્યું કે જ્યારે પ્રવાસીઓ તેમના મોબાઈલ ફોનથી આ કોડ સ્કેન કરે છે, ત્યારે તેઓ પ્રશ્નમાં રહેલી વ્યક્તિ વિશે સંપૂર્ણ માહિતી જોઈ શકે છે. તેઓએ જણાવ્યું હતું કે આ પહેલ યોગ્ય અને નોંધાયેલ ઓળખ પ્રણાલી તરીકે કામ કરે છે. તે છેતરપિંડી પર અંકુશ લાવશે અને ખાતરી કરશે કે કોઈ પણ બિનનોંધાયેલ વ્યક્તિ પ્રવાસન સ્થળોએ કામ કરવાનો દાવો ન કરે.

આ સિસ્ટમ પ્રવાસી પ્રદાતાઓને ઓળખવામાં મદદ કરે છે અને ખાતરી કરે છે કે મુલાકાતીઓ અધિકૃત સેવા પ્રદાતાઓ સાથે વ્યવહાર કરી રહ્યા છે. કોઈ વ્યક્તિ પર વિશ્વાસ કરતા પહેલા, પ્રવાસીઓ ચછ કોડ સ્કેન કરી શકે છે અને તે વ્યક્તિ વિશેની વિગતો જોઈ શકે છે. આનાથી તેમને સેવા પ્રદાતાના ઓળખપત્રો ચકાસવામાં મદદ મળશે, તેમનો વિશ્વાસ વધશે અને સુરક્ષા વાતાવરણમાં સુધારો થશે. પ્રવાસીઓની સલામતી માટે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ચછ કોડ આધારિત ઓળખ પ્રણાલી શરૂ કરવામાં આવી છે. ૨૦૨૫ના આતંકવાદી હુમલા બાદ, આ પહેલ રાઇડ ઓપરેટરો અને વિક્રેતાઓ જેવા નોંધાયેલા સેવા પ્રદાતાઓની ચકાસણી કરે છે. પોલીસ તપાસ પછી, આ પ્રદાતાઓને વ્યક્તિગત માહિતી ધરાવતો ચછ કોડ મળશે, જે મુસાફરોનો વિશ્વાસ વધારશે.

બંગાળમાંથી 'ડર' જશે, 'સેવા' આવશે

ટીએમસી સિન્ડિકેટની થઈ જશે કાયમી સર્જરી : PM મોદી

નવીદિલ્હી, તા. ૧૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપ શ્રેણીબદ્ધ રેલીઓ કરી રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (૧૯ એપ્રિલ) વિષ્ણુપુરમાં ચૂંટણી રેલી યોજી હતી. જાહેર સભાને સંબોધતા વડા પ્રધાને મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે ટીએમસીને આદિવાસી વિરોધી ગણાવી અને કહ્યું કે ટીએમસી ઇચ્છતી નથી કે કોઈ આદિવાસી મહિલા દેશના રાષ્ટ્રપતિ બને. તેમણે એમ પણ કહ્યું કે મમતા બેનર્જી સરકાર આદિવાસીઓને નફરત કરે છે. પીએમ મોદીએ કહ્યું કે બંગાળ નવું વર્ષ શરૂ થયા પછી રાજ્યમાં આ તેમની પહેલી રેલી હતી. તેમણે કહ્યું કે તેઓ જ્યાં પણ ગયા, મતદાનના અગાઉના તમામ રેકોર્ડ તૂટી રહ્યા છે.

વડા પ્રધાને કહ્યું કે બંગાળ હવે આત્મવિશ્વાસ ધરાવે છે અને દૃઢ છે કે આ વખતે રાજ્યમાં પરિવર્તન આવશે.

ટીએમસી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે ટીએમસી ઘુસણખોરો માટે દરેક કાયદા તોડે છે. પાર્ટી ફક્ત ઘુસણખોરોની વાત સાંભળે છે. તેમણે કહ્યું કે બહેનો અને દીકરીઓ ટીએમસીના ભ્રષ્ટાચારથી પીડાઈ રહી છે. તેમણે કહ્યું કે દીકરીઓ ટીએમસીના જંગલ રાજને પડકાર ફેંકી રહી છે. તેમણે કહ્યું કે મહાન જંગલ રાજને કડક સજા થવી જોઈએ. તેમણે કહ્યું કે તેઓ બંગાળની દીકરીઓને ટીએમસીને સજા કરવા વિનંતી કરે છે. મહિલા અનામતનો મુદ્દો ઉઠાવતા પીએમ મોદીએ કહ્યું કે ટીએમસીએ બંગાળ સાથે દગો કર્યો. તેમણે મહિલા અનામત બિલ પસાર થવાથી અટકાવ્યું. તેમણે કહ્યું કે ટીએમસીએ કોંગ્રેસ સાથે કાવતરું કર્યું અને બિલ પસાર થતું અટકાવ્યું. તેમણે કહ્યું કે ટીએમસી મહિલાઓને અનામત મળે તેવું ઇચ્છતી નથી. તેમણે કહ્યું, નસ્ત્રબંગાળની મહિલાઓ ૩૩% અનામત ઇચ્છતી હતી. મોદીએ તે સુનિશ્ચિત કર્યું. બંગાળની મહિલાઓ ઇચ્છતી હતી કે ૨૦૨૯ સુધીમાં તેનો અમલ થાય. મોદીએ પણ આ માટે પ્રયાસો કર્યા, પરંતુ ટીએમસી ઇચ્છતી ન હતી કે બંગાળની વધુ દીકરીઓ ધારાસભ્ય અને સાંસદ બને કારણ કે બંગાળની દીકરીઓ તેમના પમહાજંગલ રાજથને પડકાર આપી રહી હતી. તેથી, ટીએમસીએ કોંગ્રેસ સાથે કાવતરું કર્યું અને મહિલાઓ માટે ૩૩% અનામત આપતો કાયદો પસાર થતો અટકાવ્યો.સ્ત્રસ્ત્ર

વડાપ્રધાનએ કહ્યું કે આ વખતે બંગાળની ચૂંટણી ઐતિહાસિક રહેશે. તેમણે કહ્યું કે બંગાળમાં ભયનો યુગ સમાપ્ત થશે અને સેવાનો યુગ આવશે. તેમણે કહ્યું કે ટીએમસી સિન્ડિકેટ કાયમી સર્જરીમાંથી પસાર થશે. તેમણે કહ્યું કે બંગાળ વાઘની ગર્જનાથી ટીએમસી ડરી ગઈ છે. તેમણે ભ્રષ્ટ ટીએમસી સભ્યોને ચૂંટણી પહેલા આત્મસમર્પણ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે ૪ મે પછી રાજ્યમાં કોઈ ભ્રષ્ટ લોકો રહેશે નહીં. તેમણે રાજ્યમાં આગામી સરકાર બનાવવાની ભાજપની શક્યતાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે ટીએમસીનો આતંક ટૂંક સમયમાં સમાપ્ત થશે. વડા પ્રધાન મોદીએ વિષ્ણુપુરમાં કહ્યું કે આ વખતે બંગાળની ચૂંટણી ઐતિહાસિક રહેશે. બંગાળમાં ભયનો યુગ સમાપ્ત થશે અને સેવાનો યુગ આવશે. તેમણે ચેતવણી આપી હતી કે ભ્રષ્ટ ટીએમસી સભ્યોએ ચૂંટણી પહેલાં આત્મસમર્પણ કરવું જોઈએ કારણ કે ૪ મે પછી રાજ્યમાં કોઈ ભ્રષ્ટ લોકો રહેશે નહીં.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

હે કાનુડા તોરી ગોવાલણ! આ રચનાનાં માધ્યમથી નરસિંહ શું કહેવા માંગે છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૦૨૬ ને શરૂ થયે એક અઠવાડિયું થયું! પણ ગયાં વર્ષે જેવું જીવતાં હતાં એમ જ આ વર્ષે બધાં જીવે છે! વિતેલા સમયની ભૂલ ને ન દોહરાવવી જોઈએ એવો કોઈ રંજ ક્યાંય દેખાતો નથી! એનાં પરથી કહી શકાય કે સમય તો સમયની રીતે ગતિ કરે છે, એમાં આપણે કંઈ કરવાનું હોતું નથી. આમ પણ સમાજમાં એવા લોકો છે જે પોતાના જડ વલણને પરંપરા કે સંસ્કૃતિને નામે વળગી રહેલા છે, અને સર્વાંગી વિકાસ માટે બાધક બની વિકાસ ને રુંધી રહ્યા છે. હાલાકી પરિવર્તન પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે! જેમ કે બીજનું અંકુરિત થવું, છોડને પર્ણ, ફૂલ, ફળ, આવવાં બધું જ ખરી જવું! વળી ઊગવું! એ જ રીતે સૂર્ય ચંદ્ર અને તારા એનાં નિશ્ચિત સમયે જ આકાશમાં દેખાવા, ઋતુ પ્રમાણે વાતાવરણ ઠંડુ ગરમ.. બાહ્ય જેમ જ આપણી અંદરની પ્રકૃતિ પણ બાળક માંથી યુવા, અને યુવા માંથી વયસ્ક, તેમજ પછી વૃદ્ધ થાય! જીવનું અહીં એક જ કાર્ય છે, કે એણે બાહ્ય અને આંતર પ્રકૃતિનું પહેરેદાર બની રક્ષણ કરવાનું, પણ જે સંપત્તિ આપણી ક્યારેય ન્હોતી, એનાં આપણે સ્વામી બની જઈએ છીએ, અને એટલે અહંકાર આવી જાય છે, જે અહંકાર આત્મ ખોજ કે દર્શન માટે બહુ મોટો ખતરો છે. નરસિંહની આવાં જ ભાવ વાળી એક રચના વિશે ચિંતન કરીશું.

** નરસિંહ મહેતા**

હે કાનુડા તોરી રે ગોવાલણ મોરલીએ લલચાણી રે
હેં કાનુડા તોરી ગોવાલણ
હરખેં મેં તો ઈંઢોણી લીધી ભરવા હાલી હું તો પાણી રે;
ગાગર ભરોંસે ગોળી લીધી આરાની હું અજાણી રે

હે કાનુડા એટલે કે કૃષ્ણ, આ ગોપી તારી મોરલીની ધૂનમાં લલચાઈને પાગલ બની છે, અને આ સંસારની મને કોઈ સમજ નથી! મેં તો હરખ ભેર ઈંઢોણી લીધી અને પાણી ભરવા નીકળી, ગાગર ગોળીના ભેદને હું જાણતી નહોતી, એટલે ગાગર સમજી મેં ગોળી લીધી! કારણકે આરાની એટલે અહીંની, અથવા આ સંસારથી સાવ હું અજાણી છું.

હેં કાનુડા તોરી ગોવાલણ
ગાય ભરોંસે ગોધાને બાંધ્યો દોહ્યાંની હું અજાણી રે;
વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા બાંધ્યા છે બહુ તાણી રે

હે કાનુડા પરણીને તો આવી ગઈ, પણ ગાય વાછરડા જેવો પ્રાથમિક તફાવત પણ હું જાણતી નથી, એટલે ગાયની બદલે મેં દોહવા માટે ગોધાને એટલે કે વાછરડું બાંધ્યું! અને વાછરુંની જગ્યાએ છોકરાંવને તાણી તાણીને બાંધ્યાં!

હેં કાનુડા તોરી ગોવાલણ
રવાઈ ભરોંસે ઘોસરું લીધું વલોવ્યાની હું અજાણી રે;
નેતરાં ભરોંસે સાડી લીધી દૂધમાં રેડયાં પાણી રે

હે કાનુડા હું આ સંસારથી સાવ અજાણી છું, દહીં વલોવવા માટે રવાઈની પાતળી દોરી ની બદલે મેં ગાય બાંધવાનું જાડું ઘોસરું લીધું! અને માખણ કાઢવા નેતરાં બદલે સાડી બાંધી.

હેં કાનુડા તોરી ગોવાલણ
ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે ઘેલી હું રંગમાં રેથલી રે;
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી પૂરણ પ્રીત હું પામી રે
હેં કાનુડા તોરી ગોવાલણ

હે કાનુડા આખું ગામ મને ઘેલી ઘેલી કહીને ચીડવે છે, પણ હું તો આ ભાવ રંગમાં રમમાણ થઈ ગઈ છું! અને આમ જ મને નરસિંહ મહેતા નાં સ્વામી મળ્યા અને એની પૂર્ણ પ્રીતને હું પામીને ધન્ય બની! હે કાનુડા તારી ગોવાલણ..

કવિની રચનાનાં સ્થૂળ અર્થમાં આપણે જોયું કે, કવિ આપણી આંખ આગળ દ્વાપરના ગોકુળના ગ્રામ્ય જીવનનું એ દ્રશ્ય ખડું કરી દે છે, અને એક ગોવાલણ એટલે કે ગોપીની માનસિકતાનું રસપ્રદ દર્શન રજૂ કરે છે. નરસિંહ તો કાળને ઓળંગી ગયાં હતાં, અને એણે દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારા સાથે ગોપી બની વ્રજની લીલાઓ કરી હતી , એટલે ગોપી તરીકે પોતાના મનોભાવ વ્યક્ત કરતાં કહે છે કે, હે કાનુડા હું કહેવાને જ સંસારી છું, એટલે કે મારા પતિની પત્ની, ઘરના વડીલોની પૂત્રવધૂ છું, કે મારા બાળકોની માતા છું! આ બંધાજ સંસારી સંબંધો મને સંસારમાં બાંધી શકતાં નથી!; કારણ કે હું તારી પ્રીતમાં રંગાણી છું! પણ દર વખતની જેમ નરસિંહની સૂક્ષ્મ ચેતના હજી ઝીણું કાંતે છે, અને કહે છે આ રચના દ્વારા કવિ ઈશ્વર, જીવ, અને સંસાર આ ત્રિકોણની રસાકસીની વાત મુકીને જીવની ઈશ્વર પ્રત્યેની જે માધુર્ય ભક્તિ છે એનું વર્ણન કરે છે! પણ જેને કોઈ સામાન્ય જન સમજી ન શકે! અને એને ઘેલી કહે છે! આરાની અજાણી, ગોધાને બાંધ્યો, ઘોસરું, નેતરાં વગેરે ઉપમા વિશે ચિંતન કરીએ તો, જો જીવ ઈચ્છે તો એ સંસારથી અજાણી એટલે કે અલિપ્ત રહી શકે છે, ગોધાને બાંધ્યો એટલે કે ગાય દોહવા માટે ગાયની જગ્યાએ વાછરડું બાંધ્યું! એટલે કે ગાય રુપી ઈન્દ્રિયોનું દોહન કરી એને જીવવાનું હતું, પણ સંસારની અજાણી હતી એટલે વાછરડું એટલે કે ભોગ્ય પદાર્થને અથવા મમતાને જ ભક્તિ રસ માની લીધો! રવાઈ અને ઘોસરું આ ઉદાહરણ પરથી કહે છે કે જીવ ઈશ્વર સુધી પહોંચવા માટે ભક્તિના પાતળાં દોરડે પહોંચી શકે એમ હતો! પણ ઘોસરું જેવા જાડાં એટલે કે અઘરાં માધ્યમો માં અટવાઈ ગઈ! ટૂંકમાં ભક્તિમાં ભોળા ભાવે કરેલી ભૂલો જ ભગવાન સુધી દોરી જાય છે! પણ ભક્તિને નામે આપણાં આગ્રહોની આળપંપાળ આપણને સાચાં ભાવ કેન્દ્રિત ભક્તિ કરવા દેતી નથી. હજી વધુ સુક્ષ્મ દર્શન કરીએ તો કવિ આપણી પ્રતયેક ઈન્દ્રિયોને ગાયની ઉપમા આપે છે,અને ઈન્દ્રિયોથી બનતા શરીરના રક્ષણની જવાબદારી ગોવાલણ એટલે કે જીવની છે. જીવ એ પરમાત્મા શ્રીકૃષ્ણ એ જેમ ગાયોને ચારી હતી, એ રીતે ઈન્દ્રિયો રુપી ગાયને ઘાસચારો આપી પોષણ કરવાનું છે! અને તો જ જીવ પરમાત્મા રુપે કાનુડાને પામી શકે! એનાં પ્રેમમાં પાગલ બની, અને ઘેલી ઘેલી કહેવડાવી શકે! અને એને એટલે કે ઈશ્વરને કહી શકીએ કે હે ઈશ્વર હું સંસારની નથી, અને મેં ફક્ત તારા ભરોસે જ સંસારનો ભાર સ્વીકાર્યો છે! બાકી મારી સાચી ઓળખ માત્ર તારી સાથે જ છે, બાળકને બાંધ્યું એટલે કે મારી મમતાનું કેન્દ્ર માત્ર તું જ છો. જેમ રવાઈનો સાવ સુક્ષ્મ અર્થ જીવાદોરી થાય છે, એ જ રીતે નેતરાંનો એક નજર થાય છે, અને કવિ કહે છે કે સંસારીની નજરનો કોઈ ભરોસો નથી હોતો, અને એટલે મેં તો સાડી એટલે કે, મેં મારી લાજ ! જે સ્ત્રીઓ માટે ખૂબ જ મહત્વની હોય છે, એને જ તને સોંપી દીધી છે! મારાં કુટુંબની કે કુળની આબરૂ મર્યાદા બધું જ તું હવે નક્કી કરજે! કારણકે કહેવાતો આ સમાજ કે સંસારીઓ મને ઘેલી ઘેલી કહે છે, પણ હું નરસિંહ નાં સ્વામીને પામી ગઈ. આમ કવિએ ભક્ત અને ભગવાનનાં એટલે કે ગોપી અને શ્રીકૃષ્ણનાં અગમ્ય ભાવનું સુંદર નિરૂપણ કર્યું છે, જે આપણા જેવા માટે આસાનીથી ઈશ્વર સુધી દોરી જાય છે! આપણે આ ભાવાર્થને પકડી સંસારથી અલિપ્ત રહી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વૈશ્વિક તણાવ, સ્થાનિક અસર

LPG વપરાશમાં ૧૩%નો ઘટાડો

માર્ચમાં LPGનો વપરાશ ૨.૩૭૯ મિલિયન ટન હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૨.૭૨૯ મિલિયન ટનથી ૧૨.૮ ટકા ઓછો

રાજકોટ, તા. ૧૯

માર્ચ મહિનામાં ભારતમાં રસોઈ ગેસ (LPG)નો વપરાશ ૧૩ ટકાનો મોટો ઘટાડો થયો હતો. આ મુખ્યત્વે મધ્ય પૂર્વના તણાવને કારણે હતું, જેના કારણે પુરવઠામાં વિક્ષેપ પડ્યો હતો, જેના કારણે ઘરેલુ અને વાણિજ્યિક બંને પ્રકારના વપરાશકર્તાઓ માટે ગેસની ઉપલબ્ધતા પર અસર પડી હતી. માર્ચમાં LPGનો વપરાશ ૨.૩૭૯ મિલિયન ટન હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૨.૭૨૯ મિલિયન ટનથી ૧૨.૮ ટકા ઓછો છે. ભારત તેની LPG જરૂરિયાતોનો આશરે ૬૦ ટકા આયાત કરે છે, જેમાંથી મોટાભાગની LPG જરૂરિયાતો હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થાય છે. અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર હુમલા અને તેહરાનના બદલો લેવાના પગલાં બાદ આ માર્ગ વર્ચ્યુઅલ રીતે બંધ થઈ ગયો હતો. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત તરફથી પુરવઠામાં વિક્ષેપને કારણે, સરકારે ઘરેલુ રસોઈ માટે ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે હોટલ અને ઉદ્યોગો જેવા વાણિજ્યિક સંસ્થાઓને LPG પુરવઠો કાપી નાખ્યો છે.

તેલ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) અનુસાર, માર્ચ મહિનામાં ઘરેલુ ઘરોમાં વેચાતા LPG સિલિન્ડરોની સંખ્યા ૮.૧ ટકા ઘટીને ૨.૨૧૯ મિલિયન ટન થઈ ગઈ છે, જ્યારે બિન-ઘરેલુ વપરાશકર્તાઓને વેચાતા સિલિન્ડરોની સંખ્યામાં લગભગ ૪૮ ટકાનો ઘટાડો થયો છે. જથ્થાબંધ LPG વેચાણમાં ૭૫.૫ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે. PPAC ડેટામાં વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે, જોકે સરકારનો દાવો છે કે LPG પુરવઠો સામાન્ય છે અને બધી સ્થાનિક માંગ પૂરી થઈ રહી છે. આ અછતને પહોંચી વળવા માટે, સરકારે રિફાઇનરીઓને LPG ઉત્પાદન વધારવા માટે પેટ્રોકેમિકલ ઉત્પાદન માટે વપરાતા ફીડસ્ટોકને વાળવાનો નિર્દેશ આપ્યો હતો. PPAC ડેટા અનુસાર, આ પગલાથી માર્ચમાં ઘરેલુ LPG ઉત્પાદન વધીને ૧.૪ મિલિયન ટન થયું, જે એક વર્ષ અગાઉ ૧.૧ મિલિયન ટન હતું.

આ પ્રયાસને કારણે, સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬) માટે LPG ઉત્પાદન વધીને ૧૩.૧ મિલિયન ટન થયું, જે અગાઉના બે નાણાકીય વર્ષમાં ૧૨.૮ મિલિયન ટન હતું. માર્ચ મહિનાને બાદ કરતાં, માર્ચ ૨૦૨૬ માં પૂરા થતા નાણાકીય વર્ષમાં LPG નો વપરાશ ૬ ટકા વધીને ૩૩.૨૧૨ મિલિયન ટન પર પહોંચ્યો. તાજેતરના વર્ષોમાં LPG નો વપરાશ સતત વધ્યો છે, મુખ્યત્વે લાકડા અને અન્ય પ્રદૂષક ઈંધણના સ્વચ્છ વિકલ્પોને પ્રોત્સાહન આપવાના સરકારી પ્રયાસોને કારણે. યુદ્ધને કારણે એરસ્પેસ બંધ થવા અને ઘણા ખાડી દેશોમાં ફ્લાઇટ્સ સ્થગિત થવાને કારણે, જેટ ઈંધણ અથવા ATF નો વપરાશ માર્ચમાં લગભગ કોઈ વધારો જોવા મળ્યો નથી. તે ૮૦૭,૦૦૦ ટન રહ્યો, જે એક વર્ષ અગાઉ ૮૦૧,૦૦૦ ટન હતો.

યુદ્ધથી પ્રભાવિત આ બે ઈંધણ સિવાય, પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. પેટ્રોલનું વેચાણ ૭.૬ ટકા વધીને ૩.૭૮ મિલિયન ટન થયું, જ્યારે ડીઝલનો વપરાશ ૮.૧ ટકા વધીને ૮.૭૨૭ મિલિયન ટન થયો. સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે, ATF નું વેચાણ ૨ ટકા વધીને ૯.૧૬૧ મિલિયન ટન થયું, જ્યારે પેટ્રોલનો વપરાશ ૬.૫ ટકા વધીને ૪૨.૫૮૬ મિલિયન ટન થયો. ડીઝલનો વપરાશ ૩.૬ ટકા વધીને ૯૪.૭૦૫ મિલિયન ટન થયો. ઔદ્યોગિક ઈંધણ નેપ્થા અને ઈંધણ તેલમાં અનુક્રમે ૯.૯ ટકા અને ૧.૪ ટકાનો ઘટાડો થયો, જ્યારે રસ્તાના બાંધકામમાં વપરાતા બિટ્યુમેનનો વપરાશ ૩ ટકા વધીને ૮.૮૪ મિલિયન ટન થયો.

NRI ભારતમાં સરળતાથી ખરીદી શકશે મિલકત

ખરીદ વ્યવહાર માટે ટેક્સ ડિડક્શન તથા કલેક્શન એકાઉન્ટ નંબર મેળવવાની જરૂર નહીં રહે

રાજકોટ, તા. ૧૯

ભારતમાં રહેતા લોકો માટે NRI પાસેથી મિલકત ખરીદવાનું સરળ બનવા જઈ રહ્યું છે. સરકારે એક મહત્વપૂર્ણ ફેરફાર કરીને નિર્ણય લીધો છે કે ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી, આવા વ્યવહારો માટે ટેક્સ ડિડક્શન અને કલેક્શન એકાઉન્ટ નંબર (TAN) મેળવવાની જરૂર રહેશે નહીં. આ મિલકત ખરીદી પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવશે. વર્તમાન નિયમો હેઠળ, જો કોઈ ભારતમાં રહેતા અન્ય વ્યક્તિ પાસેથી મિલકત ખરીદે છે તો TAN ની જરૂર નથી. જો કે, જો તે જ મિલકત NRI પાસેથી ખરીદવામાં આવે છે, તો ખરીદનારને ઝઉજ કાપવા માટે TAN મેળવવો આવશ્યક છે. આ પ્રક્રિયા સમય માંગી લેતી અને બોજારૂપ માનવામાં આવતી હતી. TAN એ કર કપાત અને વસૂલાત માટે જરૂરી ૧૦-અંકનો આલ્ફાન્યૂમેરિક નંબર છે. તેને મેળવવા માટે એક અલગ અરજીની જરૂર હતી, જેના પરિણામે એક પણ વ્યવહાર માટે વધારાની ઔપચારિકતાઓ પૂર્ણ થઈ.

નવા નિયમો હેઠળ, વ્યક્તિગત ખરીદદારો અને હિન્દુ અવિભાજિત પરિવારો (HUFs) ને હવે ઝઅગ મેળવવાથી મુક્તિ આપવામાં આવી છે. ખરીદદારો હવે નિયમિત મિલકત ખરીદીની જેમ તેમના PAN નો ઉપયોગ કરીને કર ચૂકવી શકશે. આ સમગ્ર પ્રક્રિયાને સરળ અને વધુ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ બનાવશે. આ ફેરફારનો અર્થ TDS નાબૂદ કરવાનો નથી. ખરીદદારોએ મિલકત ખરીદતી વખતે સમયસર કર કાપવાનો અને ચૂકવવાનો રહેશે. કર દરો એ જ રહેશેઃ લાંબા ગાળાના મૂડી લાભ પર આશરે ૧૨.૫% કર લાગશે, અને ટૂંકા ગાળાના લાભ પર સ્લેબ અનુસાર કર લાગશે.

વ્યવહાર પારદર્શિતા રહેશે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે આ ફેરફાર વ્યવહાર પારદર્શિતાને અસર કરશે નહીં. ખરીદનાર અને વેચનાર બંનેના ડ્અગનો ઉપયોગ કરીને રેકોર્ડ જાળવવામાં આવશે, અને ટેક્સ ક્રેડિટ સંબંધિત ફોર્મ્સ અને અઈજ માં પ્રતિબિંબિત થશે.

NRI વિક્રેતાઓ માટે પડકારો રહે છે.

જોકે, ગઈ વિક્રેતાઓ માટે એક સમસ્યા રહે છે. ઝઉજ માત્ર નફા પર જ નહીં, પરંતુ સમગ્ર વ્યવહાર રકમ પર કાપવામાં આવે છે. આના પરિણામે ટેક્સ રિફંડ પ્રક્રિયા થાય ત્યાં સુધી થોડા સમય માટે નોંધપાત્ર નાણાકીય સ્થિરતા આવી શકે છે.

અસર શું છે?

એકંદરે, આ ફેરફાર રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે સકારાત્મક માનવામાં આવે છે. તે ગઈ મિલકતના સોદાઓને વેગ આપી શકે છે અને ખરીદદારો માટે પ્રક્રિયાને ઓછી જટિલ બનાવી શકે છે.

હાલનો કોન્ટ્રાક્ટ જૂન ૨૦૨૬માં પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તેને આગળની ભૂમિકામાં બનાવી રાખવાના પક્ષમાં

અજીત અગરકરનો કોન્ટ્રાક્ટ લંબાવાની શક્યતા

રાજકોટ, તા. ૧૯

ભારતીય ક્રિકેટમાં એક મોટો નિર્ણય થોડા સમયમાં સામે આવી શકે છે. અજીત અગરકરના ચીફ સિલેક્ટર તરીકે એક્સટેન્શન મળવાની સંપૂર્ણ સંભાવના છે. તેનો હાલનો કોન્ટ્રાક્ટ જૂન ૨૦૨૬માં પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તેને આગળની ભૂમિકામાં બનાવી રાખવાના પક્ષમાં છે.સુત્રોના જણાવ્યા મુજબ બોર્ડની નજર હવે સીધી આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૭ પર છે.આને ધ્યાનમાં રાખી અગરકરને એક્સટેન્શન આપવાનો નિર્ણય લગભગ નક્કી માનવામાં આવી રહ્યો છે.અગરકરના કાર્યકરને બોર્ડ સફળ માની રહ્યું છે. તેના સમયમાં ટીમ ઈન્ડિયાએ સતત મોટી ટૂર્નામેન્ટસમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતે આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪, આઈસીસી ચેમ્પિયન ટ્રોફી ૨૦૨૫ અને આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ જેવા મોટા ખિતાબ પોતાને નામ કર્યા છે. આ સિવાય ટીમે આઈસીસી વર્લ્ડકપ ૨૦૨૩ ફાઈનલ સુધીની સફર નક્કી કરવામાં આવી હતી.

સુત્રોના જણાવ્યા મુજબ અગરકરના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયામાં સ્મૂથ ટ્રાંજિશન જોવા મળ્યું છે. સીનિયર અને યંગ ખેલાડીઓ વચ્ચે સંતુલન બનાવવાની સાથે-સાથે સિલેક્શનમાં કોઈ મોટા અને સાહસિક નિર્ણય લેવામાં આવ્યા છે. જેનાથી ટીમને નવી દિશા આપી છે.બોર્ડનું માનવું છે કે, ટીમની ફિયરલેસ અપ્રોચ અને સતત સફળતાની પાછળ અગરકરની રણનીતિ અને પસંદગીની નીતિનો મોટો હાથ રહ્યો છે. આ કારણ છે કે, બીસીસીઆઈ હવે તેના કોન્ટ્રાક્ટને વધારવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જો આ નિર્ણય અધિકારિક રુપથી લેવામાં આવે છે. તો ૨૦૨૭ વર્લ્ડકપ સુધી ટીમ ઈન્ડિયાની પસંદગીની કમાન ફરી એક

વખત અજીત અગરકરના હાથમાં રહેશે. અગરકરની વાત કરવામાં આવે તો જુલાઈ ૨૦૨૩માં ભારતીય ટીમના ચીફ સિલેક્ટર બન્યા હતા. તેમણે ભારત માટે ટેસ્ટ, વનડે અને ટી૨૦ ક્રિકેટ પણ રમી છે. જૂન ૨૦૨૩ થી ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત થયેલા અજિત અગરકરનો કાર્યકાળ લંબાવવામાં આવે તો તેમને ફરી એકવાર ઘણા મોટા પ્રશ્નોનો સામનો કરવો પડશે. સૌથી મોટો પ્રશ્ન એ હશે કે શું રોહિત અને વિરાટ ૨૦૨૭ ના ODI વર્લ્ડ કપમાં રમશે.

બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અગરકરના કાર્યકાળ દરમિયાન, ટીમમાં સરળતાથી પરિવર્તન આવ્યું, અને તેમણે ડર્યા વિના મહત્વપૂર્ણ નિર્ણયો લીધા. બોર્ડને લાગ્યું કે તેમણે રહેવું જોઈએ. બીસીસીઆઈના અધિકારીઓ આઈપીએલ મેચો દરમિયાન તેમની સાથે વાતચીત કરશે અને અપડેટ્સ આપશે. બોર્ડ સાતત્ય અને અનુભવ ઇચ્છતો હતો, ખાસ કરીને કારણ કે બે પસંદગીકારો, આરપી સિંહ અને પ્રજ્ઞાન ઓઝા, આ ભૂમિકામાં હજુ એક વર્ષ પૂર્ણ કરી શક્યા નથી. અગરકર જૂન ૨૦૨૩ થી પુરુષોની વરિષ્ઠ પસંદગી સમિતિના અધ્યક્ષ છે, અને તેમના કાર્યકાળ દરમિયાન, ભારતે ત્રણ આઈસીસી ટાઇટલ - બે ટી૨૦ વર્લ્ડ કપ અને એક ચેમ્પિયન્સ ટ્રોફી - જીતી છે. જોકે, ટેસ્ટ પરિણામો અપેક્ષા મુજબ રહ્યા નથી; ભારતે ઘરેલુ મેદાન પર સતત બે શ્રેણી ગુમાવી છે, અને વિદેશમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પણ ગુમાવી છે. આનાથી સફેદ બોલ ક્રિકેટમાં સફળતા કંઈક અંશે ઝાંખી પડી છે - જ્યાં ભારતે ૩૩ માંથી ફક્ત બે મેચ ગુમાવી છે, અને ૨૦૨૩ અને ૨૦૨૫ એશિયા કપ પણ જીત્યા છે.

તેમના કાર્યકાળ દરમિયાન, ભારતે ત્રણેય ફોર્મેટ - ટેસ્ટ, વનડે અને ટી૨૦ઈ માં પરિવર્તનનો સમયગાળો જોયો છે; જ્યારે રોહિત શર્મા, રવિચંદ્રન અશ્વિન અને વિરાટ કોહલી જેવા અનુભવી ખેલાડીઓએ ઓછામાં ઓછા એક ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. જ્યારે કોહલી અને રોહિત હજુ પણ ODI રમે છે, ત્યારે અશ્વિને બધા ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. કોહલી અને રોહિત ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમશે કે કેમ તે એક મુખ્ય પ્રશ્ન છે.

હોર્મુઝ સંકટ વચ્ચે સરકારનું મોટુ પગલું

ભારતીય જહાજોને સરકારી વીમા કવચ મળશે. : ભંડોળનું કદ ૧૩૦૦૦ કરોડથી પણ વધુની શક્યતા

રાજકોટ, તા. ૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો. સરકારે સોવરિન મેરીટાઇમ ફંડની રચનાને મંજૂરી આપી. તેનો હેતુ ભારતીય ધ્વજવાળા, ભારત જનારા અને ભારત સાથે જોડાયેલા જહાજોને વીમા સુરક્ષા પૂરી પાડવાનો છે, જેથી દેશના વેપારને વધતા વૈશ્વિક જોખમો સામે રક્ષણ મળે અને વિદેશી વીમા કંપનીઓ પર નિર્ભરતા ઓછી થાય. અહેવાલો અનુસાર, ભંડોળનું કદ લગભગ ₹૧૩,૦૦૦ કરોડ હોઈ શકે છે. આ જહાજો માટે સસ્તું અને વિશ્વસનીય વીમો પૂરો પાડશે, જેનાથી દરિયાઈ વેપારમાં નોંધપાત્ર વધારો થશે.

મંત્રીમંડળે ગ્રામીણ જોડાણ સુધારવા માટે ₹૩,૦૦૦ કરોડના વધારાના બજેટ સાથે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) ને ૨૦૨૮ સુધી લંબાવવાનો પણ નિર્ણય લીધો. દરમિયાન, હોર્મુઝ સ્ટ્રેટ અંગે અનિશ્ચિતતા યથાવત છે. અહેવાલો અનુસાર, પર્સિયન ગલ્ફમાં અચાનક ઘણા તેલ ટેન્કરોએ માર્ગ બદલી નાખ્યો. તેમાં સનમાર હેરાલ્ડ, દેશ ગરિમા, દેશ વૈભવ અને દેશ વિભોર જેવા ભારતીય સંલગ્ન જહાજોનો સમાવેશ થાય છે. આ જહાજો દુબઈ નજીકથી હોર્મુઝ સ્ટ્રેટ તરફ જઈ રહ્યા હતા, પરંતુ અચાનક બંધ થઈ ગયા અથવા પાછા ફરી ગયા. અહેવાલો અનુસાર, જહાજ માલિકો અને વેપારીઓ અનિશ્ચિત હતા કે ઈરાન વચન મુજબ આ માર્ગ ખુલ્લો રાખશે કે નહીં. કેટલાક જહાજો ઈરાનના કેશમ ટાપુ પાસે લંગરાયેલા જોવા મળ્યા હતા, જ્યારે એકે તો તેનું સ્થાન જાહેર કરવાનું પણ બંધ કરી દીધું હતું. ઈરાને કહ્યું હતું કે યુદ્ધવિરામ દરમિયાન આ માર્ગ ખુલ્લો રહેશે, પરંતુ ચેતવણી આપી હતી કે જો યુએસ દબાણ ચાલુ રહેશે, તો પ્રતિબંધો ફરીથી લાદવામાં આવી શકે છે. ઈરાની વિદેશ પ્રધાન સઈદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે જહાજોએ સ્થાપિત માર્ગ અને નિયમોનું પાલન કરવું પડશે. આ સમાચારની તેલ બજાર પર પણ અસર પડી. બ્રેન્ટ ક્રૂડના ભાવ લગભગ ૮% ઘટીને પ્રતિ બેરલ ૯૦ ની આસપાસ થઈ ગયા. જો કે, પરિસ્થિતિ અનિશ્ચિત રહે છે, અને વિશ્વનું ધ્યાન આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર કેન્દ્રિત છે.

૨૪ કલાકથી ઓછા સમયમાં હોર્મુઝ કેમ બંધ થયું ?

માર્ગની શરતો અને નિયમો વિશે સ્પષ્ટ માહિતી આપી અમેરિકાએ આપી ન હતી પરિણામ સ્વરૂપે જળમાર્ગ થયો બંધ

નવીદિલ્હી, તા. ૧૯

ઈરાને શુક્રવારે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની જાહેરાત કરી હતી. જોકે, માત્ર ૨૪ કલાકની અંદર, પરિસ્થિતિ એટલી બધી બદલાઈ ગઈ કે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક ફરીથી બંધ થઈ ગયો. આ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધવિરામની શક્યતા વચ્ચે બન્યું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાનના નિવેદનનું સ્વાગત કર્યું કે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે ખુલ્લું છે અને જહાજો સરળતાથી તેમાંથી પસાર થઈ શકે છે. શુક્રવારે ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર જણાવ્યું હતું કે સ્ટ્રેટ ખોલવામાં આવ્યું છે અને શિપિંગ રૂટ અંગે સંકલન સ્થાપિત કરવામાં આવશે.

આ સમાચારની તાત્કાલિક અસર થઈ, અને કલાકોમાં જ ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ ૧૦%નો ઘટાડો થયો. દુનિયાને લાગ્યું કે પરિસ્થિતિ હવે સામાન્ય થઈ શકે છે. પરંતુ આ રાહત અલ્પજીવી હતી. ઈરાનના પોતાના અર્ધ-સત્તાવાર મીડિયા, તસ્નીમે, અરાઘચીના નિવેદનની ટીકા કરતા કહ્યું કે તેમણે માર્ગની શરતો અને નિયમો વિશે સ્પષ્ટ માહિતી આપી નથી, જેના કારણે મૂંઝવણ ઊભી થઈ. દરમિયાન, ટ્રમ્પે જાહેરાત કરી કે બંને દેશો વચ્ચે અંતિમ કરાર ન થાય ત્યાં સુધી અમેરિકા ઈરાની બંદરો પર નાકાબંધી ચાલુ રાખશે. આ નિવેદનથી ઈરાન ફરી ઉશ્કેરાઈ ગયું. થોડા સમય પછી, પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ શનિવારે જાહેરાત કરી કે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ કરી દેવામાં આવ્યું છે.

IRGC એ ચેતવણી આપી હતી કે આ વિસ્તારની નજીક આવનાર કોઈપણ જહાજને દુશ્મન સહાયક જહાજ માનવામાં આવશે અને તેના પર હુમલો થઈ શકે છે.

શનિવારે, ઈરાની સૈન્યએ પણ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી અમેરિકા તેનો નાકાબંધી હટાવે નહીં ત્યાં સુધી વાણિજ્યિક જહાજોની અવરજવર પર કડક પ્રતિબંધો લાગુ રહેશે. આ દર્શાવવા માટે, શનિવારે ઓમાનના દરિયાકાંઠે લગભગ ૨૦ માઈલ દૂર બે જહાજો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. કેપ્ટનના જણાવ્યા મુજબ, હુમલો ઈરાની ગનબોટ દ્વારા કરવામાં આવ્યો હતો. દરમિયાન, ઈરાનના નવા સુપ્રીમ લીડર, મોજતબા ખામેનીએ પણ શનિવારે એક કડક સંદેશ જારી કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ઈરાનની નૌકાદળ તેના દુશ્મનોને નવી અને કારમી હાર આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

ટ્રમ્પ હવે કહે છે કે ઈરાન સાથે વાટાઘાટો સારી રીતે ચાલી રહી છે, પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે અમેરિકા કોઈપણ દબાણ સામે ઝૂકશે નહીં. ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે જણાવ્યું હતું કે તે નવા યુએસ પ્રસ્તાવો પર વિચાર કરી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

પરિસ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે કારણ કે યુદ્ધવિરામ ફક્ત ત્રણ દિવસમાં સમાપ્ત થવાનો છે. અમેરિકા અને ઈરાન ૮ એપ્રિલે બે અઠવાડિયાના યુદ્ધવિરામ પર સંમત થયા હતા, જે ૨૨ એપ્રિલે સમાપ્ત થાય છે. ટ્રમ્પ કહે છે કે જો ૨૨ એપ્રિલ સુધીમાં ઈરાન સાથે કોઈ કરાર નહીં થાય, તો અમેરિકા ફરીથી બોમ્બમારો શરૂ કરી શકે છે. ઈરાને એમ પણ કહ્યું છે કે તે મે ૨૦૨૬ માં ઉત્પાદિત નવી મિસાઈલોનો ઉપયોગ કરશે. ઈરાને શુક્રવારે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની જાહેરાત કરી હતી, પરંતુ આ જાહેરાતના ૨૪ કલાકની અંદર, તેણે સ્ટ્રેટ ફરીથી બંધ કરી દીધું. ઈરાને કહ્યું કે આ કાર્યવાહી યુએસ નાકાબંધીના જવાબમાં કરવામાં આવી હતી. ઓમાન નજીક જહાજો પર ગનબોટ્સે પણ ગોળીબાર કર્યો હતો.

પ્રેમ આંધળો જ નહીં, ખૂની પણ હોય છે! દામ્પત્યજીવનમાં દગાખોરી

પતિને પતાવવા પત્નીએ દીધી'તી સોપારી!

ચકચારી અપહરણ કેસમાં પત્ની જ નીકળી પતિની દુશ્મનઃ પતિનું કાસળ કાઢવા પ્રેમી સાથે મળી પત્નીએ રચ્યું મોતનું 'ચક્રવ્યૂહ': કેનાલમાં ફેંકી દેવાયેલો પતિ ત્રણ કલાક પીલોર પકડી લટકતો રહ્યો, બચી ગયો ને ખોફનાક કાવતરૂ છતું થયું

રાજકોટ,તા.૧૯

સંબંધોના લોહીયાળ જંગમાં પવિત્ર ગણાતા પતિ-પત્નીના સંબંધોને શર્મસાર કરતી એક ઘટના છાણી વિસ્તારમાં સામે આવી છે. પ્રેમમાં નડતરરૂપ બનતા પતિનો કાંટો કાઢી નાખવા માટે પત્ન ીએ જ પોતાના પ્રેમી સાથે મળીને ૩૫ હજારની સોપારી આપી પતિને કેનાલમાં ફેંકાવી દીધો હતો. જોકે, 'રામ રાખે તેને કોણ ચાખે'ની ઉક્તિ મુજબ યુવક ત્રણ કલાક સુધી કેનાલના પાણીમાં મોત સામે લડીને ચમત્કારિક રીતે બચી ગયો હતો. આ ચકચારી કિસ્સામાં પોલીસે પત્ની અને પ્રેમી સહિતના આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

ખળભળાટ મચાવતી આ ઘટના વડોદરાના છાણી વિસ્તારમાં બની છે. તાજેતરમાં જાહેર થયેલી અપહરણની ઘટનામાં હવે એક નવો અને ચોંકાવનારો વળાંક આવ્યો છે. જે પત્ની પર પતિ આખું જીવન ભરોસો કરતો રહ્યો, તે જ પત્નીએ પોતાના પ્રેમી સાથે મળીને પતિને મોતને ઘાટ ઉતારવાનું કાવતરું ઘડ્યું હોવાનું તપાસમાં ખુલ્યું છે. છાણી પોલીસે આ મામલે પાંચ અપહરણકારો બાદ હવે ગિરીશની પત્ની ફાલ્ગુનીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે.

પોલીસના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છાણીમાં પાનનો ગલ્લો ધરાવતા ગિરીશની પત્ની ફાલ્ગુનીને ખેડાના વસો ખાતે હેર સલૂન ચલાવતા કૌશિક મહેન્દ્ર શર્મા સાથે પ્રેમ સંબંધ હતો. બંનેને એકબીજા સાથે રહેવું હતું પરંતુ ગિરીશ તેમાં મોટું નડતર હતું. આ કાંટો કાઢવા માટે કૌશિકે સોપારી કિલરનો સંપર્ક કર્યો હતો. માત્ર ૩૫,૦૦૦ જેવી રકમમાં ગિરીશનું અપહરણ કરી તેને મારી નાખવા માટે વડોદરાના નરેન્દ્ર ઉર્ફે નિકુલ ગોસ્વામીને

સોપારી આપવામાં આવી હતી.

ઘટનાની રાત્રે ગિરીશ જ્યારે કામ પરથી પરત ફરી રહ્યો હતો ત્યારે તેને રસ્તામાંથી ઉપાડી લેવામાં આવ્યો હતો. અપહરણકારો તેને સોજીત્રા પાસેની કેનાલમાં ફેંકીને ભાગી છૂટ્યા હતા. ગુનેગારોએ માની લીધું હતું કે ગિરીશ ડૂબી ગયો છે, પરંતુ નસીબ જોગ ગિરીશના હાથમાં કેનાલનો એક પીલર આવી ગયો હતો. રાત્રિના ઘાટ અંધકારમાં અને ધસમસતા પ્રવાહ વચ્ચે ગિરીશ ૩ કલાક સુધી મોત સામે લડતો રહ્યો અને સવારે હેમખેમ બહાર નીકળી આવતા આખું કાવતરું ખુલ્લું પડી ગયું હતું.

પોલીસે જ્યારે આ કેસમાં ટેકનિકલ સર્વેલન્સ હાથ ધર્યું ત્યારે પત્ની અને પ્રેમીના પાપના ઘડા ફૂટી ગયા હતા. તપાસમાં બહાર આવ્યું કે ઘટનાના બે દિવસમાં જ ફાલ્ગુની અને કૌશિક વચ્ચે ૧૦૦થી વધુ વખત ફોન પર વાતચીત થઈ હતી. એટલું જ નહીં, જે દિવસે ગિરીશને ફેંકી દેવામાં આવ્યો, તે દિવસે પણ કૌશિક છાણીમાં તેની પ્રેમિકાને મળવા આવ્યો હતો. આ સિવાય ૨૫૦ કલાકના ઈઈઝટ ફૂટેજ તપાસતા રુદ્ર રાજેશભાઈ રાવળ નામનો યુવક પણ ઝડપાયો છે, જે સતત સ્પ્લેન્ડર પર ગિરીશની રેકી કરી રહ્યો હતો.

આ કેસમાં સૌથી વિલક્ષણ વાત એ હતી કે અપહરણકારો ગિરીશને કારમાં ધમકાવી રહ્યા હતા ત્યારે તેમણે કૌશિકનો પક્ષ લેતા કહ્યું હતું કે, ''જો કૌશિક તારી પત્ની સાથે વાત કરતો હોય તો તારે વચમાં પડવાની જરૂર નથી.'' આ એક વાક્યે પોલીસને સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે આ કોઈ સામાન્ય લૂંટ કે અપહરણ નથી, પણ ઘરની અંદરથી જ રચાયેલું એક મોટું ગુનાહિત ષડયંત્ર છે.

ચાઈનીઝ કનેક્શન : ૨૧૦ કરોડના મની લોન્ડરિંગ કૌભાંડનો પર્દાફાશ!

સ્ટેટ સાયબર ક્રાઈમની વડોદરામાં મોટી કાર્યવાહીઃ માસ્ટર માઈન્ડ સહિત ૬ શખ્સો ઝબ્બે, ૪૦થી વધુ બેંક ખાતાઓમાં થતો હતો કાળો કારોબાર

અમદવાદ, તા.૧૯

ગુજરાતમાં સાયબર માફિયાઓ અને વિદેશી ગેંગના નેટવર્ક પર સ્ટેટ સાયબર ક્રાઈમે દરોડો પાડ્યો છે. વડોદરામાંથી સંચાલિત થતી એક ટોળકીએ ચીની આકાઓના ઈશારે દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડતા ૨૧૦ કરોડના મની લોન્ડરિંગ કૌભાંડને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ મામલે મુખ્ય સૂત્રધાર સહિત ૬ શખ્સોને દબોચી લીધા છે. આરોપીઓ પાસેથી મળેલા દસ્તાવેજો જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. સર્ચ ઓપરેશન દરમિયાન ૧૧ સ્માર્ટફોન, ૧ લેપટોપ, ૩૯ ડેબિટ કાર્ડ, ૧૨ ચેકબુક, ૫ બેંક પાસબુક તેમજ અલગ-અલગ બેંક ક્યુઆર કોડ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો છે. દરોડા બાદ પોલીસે વધુ વિગતો આપી હતી કે ધરપકડ કરેલા છ શખ્સોના નેટવર્કમાં દરેકને અલગ-

અલગ જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં દીપેશ રાજપુરોહિત મુખ્ય માસ્તર માઈન્ડ તરીકે સેવા અઆપીને ૪૦થી વધુ બેંક ખાતાનું સીધું સંચાલન કરતો હતો. અબ્દુલ પઠાણ અનેક બેંક એકાઉન્ટ ખોલાવીને તેમાંથી નાણાં ઉપાડવાનું કામ કરતો હતો. વિવેક વણઝારા કમિશન લઈને નવા એકાઉન્ટ ખોલતો અને નાણાં ઉપાડતો હતો. મંચક બૈરવા વિવેક વણઝારાને એકાઉન્ટ હેન્ડલિંગમાં મદદ કરતો હતો. રોહિત શર્મા અલગ-અલગ ખાતાઓમાં કમિશનના આધારે નાણાં ટ્રાન્સફર કરવાની જવાબદારી નિભાવતો હતો. જ્યારે મોહિત રાવલ મોબાઈલ બેંકિંગ એક્ટિવ કરવા માટે બોગસ સીમ કાર્ડ પૂરા પાડતો હતો.

લેપટોપમાં ખુલ્યા 'પાપના પોટલાં'

જ્યારે પોલીસે આરોપીના લેપટોપની ફોરેન્સિક તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે અત્યાર સુધીમાં આ ગેંગે કુલ ૨૧૦ કરોડની લેવડ-દેવડ કરી છે. આ રકમ ઓનલાઈન ગેમિંગ, ટાસ્ક ફ્રોડ કે અન્ય ચાઈનીઝ લોન એપ દ્વારા મેળવવામાં આવી હોવાની પ્રબળ શંકા છે. આ નાણાં ક્યાં અને કોને મોકલવામાં આવતા હતા તે દિશામાં હવે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

કમિશનની લાલચમાં દેશદ્રોહ?

આ ટોળકી સામાન્ય લોકોને કમિશનની લાલચ આપીને તેમના નામે બેંક ખાતા ખોલાવતી હતી. ખાતાના કંટ્રોલ આરોપીઓ પોતાની પાસે રાખતા અને ચીન જેવા દેશોમાંથી બેસીને ઓપરેટ કરતા સાયબર ઠગોને આ ડેટા પૂરો પાડવામાં આવતો હતો. સાયબર ક્રાઈમની આ કાર્યવાહીથી મોટા આંતરરાષ્ટ્રીય રેકેટના મૂળ સુધી પહોંચવાની પોલીસને આશા છે. ચાઈનીઝ આકાઓના ઈશારે ચાલતા આ ખતરનાક નેટવર્કને તોડી પાડીને પોલીસે વડોદરાના ૬ ભેજાબાજોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

સ્ટેટ સાયબર ક્રાઈમની અપીલઃ

''કોઈ પણ અજાણી વ્યક્તિના કહેવાથી તમારા બેંક એકાઉન્ટ ભાડે આપશો નહીં કે કમિશનની લાલચમાં ફસાશો નહીં. તમારું એકાઉન્ટ દેશ વિરોધી પ્રવૃત્તિ કે મની લોન્ડરિંગમાં વપરાઈ શકે છે.''

પુત્રનો જન્મદિન અને પોતાની મેરેજ એનીવર્સરીનો આનંદ શોકમાં ફેરવાયો : કાગવડનો બનાવ

નવાગામનો યુવાન સ્વીમીંગ પુલમાં ડૂબ્યો

રાજકોટ, તા.૧૯

જેતપુર તાલુકાના કાગવડ પાસે આવેલા હેવન રિસોર્ટમાં આજે રવિવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. પરિવાર સાથે રવિવારની રજા માણવા અને દીકરાના જન્મદિવસ અને લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરવા ગયેલા ૩૩ વર્ષીય યુવકનું અચાનક બેભાન થઈ ફસડાઈને સ્વિમિંગ પૂલમાં પડવાથી કરુણ મોત નીપજ્યું હતું. તેને સીપીઆર અપાયો પણ જીવ ન બચાવી શકાયો ન હતો. યુવકની સાથે થયેલી સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

ગોંડલના નવાગામના રહેવાસી અને ઓનલાઇન માર્કેટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા અજય ભાણજી રાઠોડ (ઉં.વ. ૩૩) રવિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પરિવાર સાથે પિકનિક માટે હેવન રિસોર્ટ પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શનિવારે જ તેમના પુત્ર વિહાનનો જન્મદિવસ હતો અને રવિવારે અજયની મેરેજ એનિવર્સરી હોવાથી પરિવારમાં બેવડો ઉત્સાહ હતો.

બપોરે આશરે ૧:૦૦ વાગ્યાના સુમારે અજય તેના ૯ વર્ષના પુત્ર સાથે સ્વિમિંગ પૂલમાં નહાઈને બહાર ઊભો હતો. આ દરમિયાન તે બેભાન અવસ્થા અચાનક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સ્વિમિંગ પૂલ આસપાસ હાજર અન્ય લોકોએ તેને તાત્કાલિક બહાર કાઢી ઈઝ્છ (કૃત્રિમ શ્વાસોશ્વાસ) આપી બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક વીરપુર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા



હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા જ રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું. ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યા હતા.

મૃતક અજયના પરિવારમાં માતા-પિતા, પત્ની, નાનો ભાઈ અને ૯ વર્ષનો પુત્ર છે. ગઈકાલ સુધી જે ઘરમાં પુત્રના જન્મદિવસની ખુશીઓ હતી અને રવિવારે જે દંપતી પોતાની લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું હતું, ત્યાં આ અચાનક આવેલી આફતથી સમગ્ર નવાગામ અને રાઠોડ પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. મૃતદેહને હાલ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, ત્યારબાદ સચોટ કારણ જાણવા માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

ધર્મેશ ગમારા હત્યાકાંડમાં ૧૨૫ સામે ગુનો

પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે SITની રચના : હજુયે પોલીસનું ચુસ્ત બંદોબસ્ત

અમદાવાદ, તા. ૧૯

અમદાવાદના ધંધુકામાં નજીવી બાબતે થયેલી યુવકની કરપીણ હત્યા બાદ ફાટી નીકળેલી હિંસા મામલે પોલીસે હવે એક્શનમાં છે. હત્યાની ઘટનાથી ઉશ્કેરાઈને તોડફોડ અને આગચંપી કરી કાયદો હાથમાં લેનારા અંદાજે ૧૨૫ જેટલા લોકો સામે પોલીસે રાયોટિંગનો ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. બીજી તરફ, પીડિત પરિવારની માંગને પગલે અને સમગ્ર ઘટનાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, આ હત્યાકાંડની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ માટે SITની રચના કરવામાં આવી છે. જેથી દોષિતો સામે દાખલો બેસાડી શકાય તેવી કડક કાર્યવાહી કરી શકાય તેવું પોલીસનું માનવું છે.

ધંધુકામાં થયેલી હત્યાના બનાવ બાદ સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલીનો માહોલ જોવા મળી રહ્યો છે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે આખો વિસ્તાર પોલીસ કંટ્રોલમાં લેવામાં આવ્યો છે અને લોકલ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે. પોલીસ હાલ CCTV ફૂટેજ અને ડિજિટલ ડેટાની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી રિઝવાન અને સલીમ નામના બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે મૃતક ધર્મેશના બે ભાઈઓ પોતે પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે, તેમ છતાં પરિવારના સભ્યની હત્યા થતા સ્વજનોએ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.અમદાવાદ જિલ્લાના ધંધુકા શહેરમાં બાઈક ઓવરટેક કરવા જેવી નજીવી બાબતમાં એક હિન્દુ યુવકની ઘાતકી હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. હત્યાની ઘટના બાદ ઉશ્કેરાયેલા ટોળાએ શહેરમાં તોડફોડ અને આગચંપી કરતા પરિસ્થિતિ તંગ બની હતી. જોકે, પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને સમગ્ર ધંધુકામાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો છે અને હાલ શહેરમાં અજંપાભરી શાંતિ વચ્ચે જનજીવન સામાન્ય બની રહ્યું છે.

ધંધુકામાં રહેતા ૩૦ વર્ષીય ધર્મેશ ગમારા નામના યુવકનો સમીર નામના શખ્સ સાથે બાઈક ઓવરટેક કરવા મામલે ઝઘડો થયો હતો. આ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ત્યારબાદ ભરવાડ સમાજના લોકો સમીરના ઘર પાસે એકઠા થયા હતા. આ માથાકૂટ દરમિયાન રિઝવાન નામના શખ્સે ધર્મેશ ગમારા પર છરી વડે હુમલો કરી દીધો હતો, જેમાં ધર્મેશનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

હત્યાના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા. ૧૦૦થી ૧૨૫ લોકોના બેકાબૂ બનેલા ટોળાએ હાથમાં લાકડા અને ઘાતક હથિયારો સાથે દુકાનો, ગેરેજ, હોટેલો, લારીઓ અને વાહનોમાં ભારે તોડફોડ તથા આગચંપી કરી હતી. આ ઘટના સંદર્ભે પોલીસે હત્યા કરનાર સમીર

આરોપી સમીર અને રિઝવાન

હથિયારો

મૃતક ધર્મેશ ગમારા

અને રિઝવાન સામે ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત તોડફોડ કરનાર ટોળા સામે ધંધુકા પોલીસ સ્ટેશનમાં રાયોટિંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે, જેમાં પીએસઆઈ હર્ષરાજસિંહ ઝાલા ખુદ ફરિયાદી બન્યા છે. આગજની અને તોડફોડ મામલે પોલીસે ૨૫ લોકોની અટકાયત પણ કરી છે.

આ ઘટનાને પગલે રેન્જ IG, અમદાવાદ ગ્રામ્ય SP ઓમ પ્રકાશ જાટ સહિતનો મોટો કાફલો ધંધુકામાં ઉતારી દેવામાં આવ્યો છે. અમદાવાદ અને અન્ય જિલ્લાની પોલીસ ઉપરાંત SRPની હથિયારબંધ ટુકડીઓ પણ તહેનાત કરવામાં આવી છે. જ્ઞ ઓમ પ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ આશરે ૨૦૦ જેટલા પોલીસકર્મીઓએ રાત્રિભર સંવેદનશીલ વિસ્તારોમાં મેગા કોમ્બિંગ હાથ ધર્યું હતું. પોલીસે એક-એક ઘરમાં ચેકિંગ કરી ગુનાહિત ઈતિહાસ ધરાવતા શંકાસ્પદ લોકોની પૂછપરછ કરી હતી. આ તપાસ દરમિયાન કેટલાક તીક્ષ્ણ હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. શહેરના પ્રવેશ અને નિકાસ માર્ગો પર વાહનોનું સઘન ચેકિંગ ચાલી રહ્યું છે અને અફવાઓ રોકવા સોશિયલ મીડિયા પર પોલીસની સાયબર ટીમ ચાંપતી નજર રાખી રહી છે.

જ્ઞ ઓમ પ્રકાશ જાટે મૃતકના પરિવારની મુલાકાત લીધી હતી. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે આ કેસની તપાસ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ એટલે કે SITને સોંપવામાં આવશે અને સરકાર તરફથી એક સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની પણ નિમણૂક કરાશે. વધુમાં, અસામાજિક તત્વોનો સફાયો કરવાના ભાગરૂપે તમામ સરકારી વિભાગોના સંકલનથી સર્વે કરી, નોટિસ ફટકારીને શહેરમાંથી તમામ ગેરકાયદેસર દબાણો અને સ્ટ્રક્ચર તોડી પાડવાની કામગીરી પણ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવશે.

તપાસમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ કામગીરીનું દરરોજ મોનિટરિંગ કરવામાં આવશે. SITની ટીમે તપાસની પ્રગતિ અંગેનો વિસ્તૃત અહેવાલ દર અઠવાડિયે ઉચ્ચ કચેરીએ સોંપવાનો રહેશે. SITની રચના થવાથી હવે ગુમ પુરાવાઓ એકત્ર કરવામાં અને ટેકનિકલ તપાસમાં વધુ ગતિ આવશે.

પોસ્ટમોર્ટમ બાદ ધર્મેશ ગમારાના મૃતદેહને તેમના ઘરે લાવવામાં આવ્યો હતો. ગઈકાલે મોડી રાત્રે જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તેમની અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા.

મૃતકના પરિવાર અને સમાજના આગેવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તેમનો આક્ષેપ છે કે, સમગ્ર ધંધુકામાં અસામાજિક તત્વો સામે અવાજ ઉઠાવનાર એકમાત્ર ભરવાડ સમાજ હોવાથી તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બે વર્ષ અગાઉ પણ આવી જ રીતે એક યુવકની હત્યા થઈ હતી. સમાજના આગેવાનોએ એકજૂથ થઈને દોષિતો સામે દાખલો બેસે તેવી કડક કાર્યવાહીની માંગ કરી છે.

ભરવાડ યુવાનની હત્યાને પગલે સ્થાનિક સમાજમાં ભારે રોષ વ્યાપેલો છે. જોકે, SITની રચના અને પોલીસની સક્રિયતાને જોતા પરિવારજનોમાં હવે ઝડપી ન્યાયની આશા જાગી છે. પોલીસનું પ્રાથમિક લક્ષ્ય તમામ આરોપીઓ વિરુદ્ધ મજબૂત પુરાવા તૈયાર કરી તેમને કડકમાં કડક સજા અપાવવાનું છે, જેથી સમાજમાં એક દાખલો બેસાડી શકાય.

SITની કરાઈ રચના

સંવેદનશીલ કેસમાં મૃતકના પરિવારને ઝડપી અને નિષ્પક્ષ ન્યાય મળે તે હેતુથી ખાસ SIT (Special Investigation Team) ની રચના કરવામાં આવી છે. આ હાઈ-લેવલ તપાસની જવાબદારી DySP પ્રકાશ પ્રજાપતિ ને સોંપવામાં આવી છે. તેમની અધ્યક્ષતામાં રચાયેલી આ ટીમ ઘટનાના દરેક પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરશે જેથી કોઈ પણ કસૂરવાર કાયદાના સકંજામાંથી બચી ન શકે.તપાસને વધુ સચોટ બનાવવા માટે SITમાં ૪ અનુભવી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેમાં પ્રકાશ પ્રજાપતિ (DySP) – ટીમ લીડર, રઘુ કરમટીયા (PI), કરણ વિહોલ (PI) અને એસ.એચ. ઝાલા (PSI)ની નિમણૂક કરાઈ છે.

શેરમાં રોકાણના નામે ૨૯.૫૦ લાખનું સાયબર ફ્રોડ

મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવડાવી રોકાણ પર શરૂઆતમાં નાનો નફો દીધો, પછી દીધો ઠગાઈનો ડામ

રાજકોટ,તા.૧૯

શેરબજારમાં રોકાણના નામે કરોડોની લાલચ આપી વધુ એક મોટી છેતરપિંડી કરવામાં આવી છે. ૨૯.૫૦ લાખનો સાયબર ફ્રોડનો નવો કિસ્સો સામે આવ્યો છે.

આજના ડિજિટલ યુગમાં જેટલી સુવિધા વધી છે, એટલા જ સાયબર ગુનેગારો સક્રિય થયા છે. તાજેતરમાં ગાંધીનગરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ઊંચા વળતરની લાલચ આપીને એક વ્યક્તિ પાસેથી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. સાયબર ગઠિયાઓ સામાન્ય રીતે સોશિયલ મીડિયા અથવા મેસેજિંગ એપ દ્વારા સંપર્ક કરે છે. આ કેસમાં પણ ભેજાબાજોએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા અલગ જ તરકીબ અજમાવી હતી. ફરિયાદીના મોબાઈલમાં 'RBK-PMSDelynor' નામની એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવાઈ હતી. વિશ્વાસ કેળવવા માટે શરૂઆતમાં નાનું વળતર બતાવવામાં આવ્યું હતું. બાદમાં વધુ નફાની લાલચમાં આવીને ફરિયાદીએ અલગ-અલગ તારીખે મોટી રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી અને છેતરપિંડી થઈ હતી.

આ ઘટના ગાંધીનગરમાં બની છે. સાયબર ગઠિયાઓએ રોકાણના નામે એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. ભેજાબાજોએ ફરિયાદીનો સંપર્ક કરી તેમના મોબાઈલમાં 'RBK-PMSDelynor' નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આ એપ્લિકેશનમાં થોડો નફો બતાવવામાં આવ્યો હતો, જેનાથી પ્રેરાઈને ફરિયાદીએ વધુ વળતર મેળવવાની આશાએ અલગ-અલગ તારીખે કુલ ૨૯,૪૯,૯૯૮ જેટલી મોટી રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

રોકાણ કર્યા બાદ જ્યારે ફરિયાદીએ એપ્લિકેશનમાં પોતાનો પ્રોફિટ ચેક કર્યો, ત્યારે તેમાં અંદાજે ૪.૯૩ કરોડ જેવી માતબર રકમ જમા થયેલી જોવા મળી હતી. આ આંકડો જોઈને ફરિયાદીને વિશ્વાસ બેસી ગયો હતો કે તેમનું રોકાણ સફળ રહ્યું છે. જોકે, અસલી ખેલ ત્યારે શરૂ થયો જ્યારે ફરિયાદીએ આ રકમ પોતાના બેંક ખાતામાં ઉપાડવા માટે વિનંતી કરી. ઠગ ટોળકીએ આ રકમ આપવાના બદલે નવી શરત મૂકી કે આટલો મોટો નફો મેળવવા માટે ફરિયાદીએ ૫% ચાર્જ પેટે બીજા ૨૫,૦૦,૦૦૦ જમા કરાવવા પડશે.

વધારાના પૈસાની માંગણી થતા જ ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે વધુ નાણાં ગુમાવવાના બદલે તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરી ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ આ મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલમાં પોલીસે ગુનો નોંધીને આ ઠગ ટોળકીના બેંક ખાતાઓ અને ટેકનિકલ પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

નિષ્ણાતોના મતે, સોશિયલ મીડિયા પર મળતી અજાણી લિંક્સ કે ઊંચા વળતરની લાલચ આપતી એપ્લિકેશનોથી દૂર રહેવું જોઈએ. કોઈપણ ઓનલાઈન પ્લેટફોર્મ પર રોકાણ કરતા પહેલા તેની સત્યતા તપાસવી અનિવાર્ય છે, કારણ કે ડિજિટલ દુનિયામાં દેખાતો નફો ઘણીવાર માત્ર એક આંકડાકીય માયાજાળ જ હોય છે.

બાલાજી મંદિર પાસેથી ચોરાઉ રીક્ષા સાથે ઝડપાયો

પ્રનગર પોલીસે ૧૫ હજારની રીક્ષા સાથે ભરત પરમારને રેલ્વે સ્ટેશન પાસેથી દબોચ્યો

રાજકોટ, તા.૧૯

કરણસિંહજી હાઈસ્કુલના પ્રાંગણ સ્થિત બાલાજી હનુમાનજી મંદિર પાસેથી ચોરાયેલી ઓટોરીક્ષાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પ્રનગર પોલીસે ચોરાઉ રીક્ષા સાથે બુદ્ધનગરના ભરત પરમારને રેલ્વેસ્ટેશન નજીકથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ સ્પીડવેલ પાર્ટી પ્લોટથી આગળ, હનુમાન ટાઉનશીપ, ડી-૫૦૮માં રહેતા જયેશભાઈ કેશુભાઈ વાળાએ પોતાની જીજે ૦૩એચ્યુ ૪૦૦૧ નંબરની ઓટો રીક્ષા, બાલાજી મંદિર નજીક બહારના પાર્કિંગમાંથી કોઈ ચોરી ગયું હોવાની ૧૫મી એપ્રિલના પોલીસમાં ફરિયાદ કરી હતી. કરણસિંહજી હાઈસ્કુલ પાસે આવેલા બાલાજી મંદિર નજીકથી ચોરાયેલી ઓટોરિક્ષાનો ભેદ પ્રનગર પોલીસે ઉકેલી નાખીને તસ્કરને રીક્ષા સાથે



ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી છે પ્રાપ્ત વિગતો મુજબ પ્ર.નગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે પીએસઆઈ જે.બી.રાણીંગા અને કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર તેમજ તોફિકભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયેલી રીક્ષા સાથે આરોપી જંકશન રેલવે સ્ટેશન પાસે ઉભો છે. બાતમીના આધારે પી.આઈ એમ.ડી. મકવાણા, પીએસઆઈ જે.બી.રાણીંગા, એ.એસ.આઈ રવિભાઈ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ જેન્તીભાઈ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ રિયાઝભાઈ ભીપોત્રા, વનરાજભાઈ બોરીચા, ચાપરાજભાઈ ખવડ, તોફિકભાઈ મંઘરા, તોફિકભાઈ જુણાજ, વિરેન્દ્રસિંહ પરમાર, વિશ્વજીતસિંહ ઝાલા વિગેરે ટીમ બનાવી રેલવે સ્ટેશન નજીક તપાસ કરતા ઉપરોકત નંબરની રીક્ષા સાથે એક શંકાસ્પદ શખ્સ જોવા મળતા તેમની પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછમાં ભાંગી પડેલા શખ્શે પોતાનું નામ બુદ્ધનગર, શેરી નંબર-૭, જંગલેશ્વર, ભવાની ચોક પાસે રહેતો ભરત શંકરભાઈ પરમાર હોવાનું જણાવ્યું હતું. તેમજ તેમની પાસેની રીક્ષા તેમણે બાલાજી મંદિર પાસેથી ચોરી હોવાનું કબૂલ્યું હતું. પોલીસે ૧૫ હજારની રીક્ષા કબજે લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માલીયાસણમાં ચોકલેટ આપવાના બહાને બાળકીની જાતીય સતામણી

ઢગા સામે ગુનો નોંધી શોધખોળ આદરતી કુવાડવા રોડ પોલીસ

રાજકોટ, તા.૧૯

માલીયાસણ ગામે દીકરી સમાન બાળકીને ચોકલેટ આપવાના બહાને ઢગાયે જાતીય સતામણી કરી હોવાની કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઢગાની શોધખોળ આદરી છે

પ્રાપ્ત વિગતો મુજબ માલીયાસણ ગામે આઠ વર્ષની બાળકી પોતાના ઘર પાસે શેરીમાં રમતી હતી ત્યારે વિનુ કુંભાર નામના સનરાઈઝ પાર્કમાં રહેતા ઢગાયે દીકરીને ચોકલેટ આપવાના બહાને, પટાવીને તેમના ઘરમાં લઈ જઈને, કપડાં કાઢી શરીરે અડપલા કરતા બાળકી રડતી રડતી ઘરે આવી હતી અને સમગ્ર હકીકત પોતાની માતાને કહી હતી.

આવા સમયે બાળકીની માતાએ હિંમત કેળવીને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને પોતાની સગીર દીકરી સાથે વિનુ કુંભારે કરેલી વિકૃત હરકતો અંગે ફરિયાદ કરતા કુવાડવા રોડ પોલીસના પીએસઆઇ બીવી ભગોરાએ ઢગાની શોધખોળ આદરી છે.

સુખરામ નગરમાંથી યુવતી ગુમ

શહેરના સુખરામ નગર શેરી નંબર-૨, રાંદલ ચોક, હરિધવા રોડ પરથી માનસી નિલેશભાઈ પીપાજી નામની ૨૧ વર્ષની યુવતી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ગુમ થયાની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ નિલેશભાઈ શાંતિલાલ પીપાજીએ પોતાના ઘરેથી દીકરી માનસી ઉંમર વર્ષ ૨૧ ગઈ તા.૧૬ ના રોજ બપોરના દોઢ વાગ્યાની આસપાસ કોઈને કહ્યા ઘરેથી નીકળી ગઈ છે. તેમની અથાગ શોધખોળ કરવામાં આવી હતી પરંતુ તેમનો ક્યાંય પત્તો નહિ લાગતા આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

વૃદ્ધાના પુત્રની જમીનનું ગેરકાયદે સાટાખત કરાવી ૧૪ લાખની ઠગાઈ

કાલાવડના ટોડા ગામના પરસોત્તમ અકબરી અને ગોમટાના અંકિત ભાલોડી સામે રાજકોટ તાલુકા પોલીસમાં ગુનો

રાજકોટ, તા.૧૯

સુવર્ણ ભુમિ એપાર્ટમેન્ટ બ્લોક નં.૫૦૪ સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે રહેતા કાંતાબેન પ્રવીણભાઈ વિરોજાએ પોતાના અસ્વસ્થ પુત્રના નામે રહેલી જમીનનું ગેરકાયદે સાટાખત-દસ્તાવેજ કરી ૧૪ લાખની ઠગાઈ કરી હોવાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અને આરોપીઓ તરીકે કાલાવડ તાલુકાના ટોડા ગામના પરષોતમ મૈયાભાઇ અકબરી અને ગોંડલના ગોમટા ગામના અકીંત શૈલેષભાઇ ભાલોડીના નામ આપ્યા છે.

કાંતાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, હુ ઉપર બતાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને ઘરકામ કરૂ છુ. મારે સંતાનમાં પાંચ દોકરી તથા બે દીકરા છે. જેમા મારી પાંચેય દોકરીઓ પરણીત છે. હાલ સાસરે છે અને સંતાનમા બે દીકરા છે જેમા સૌથી મોટો દીકરો અલ્પેશ ઉ.વ.૪૫ વર્ષનો છે. અપરણીત છે અને મારા દીકરા અલ્પેશનુ આઠેક વર્ષે પહેલા અકસ્માત થયેલ હોય ત્યારથી માનસીક અસ્થિર છે અને તેનાથી નાનો દીકરો મયુર છે જે પરણીત છે અને અમારાથી અલગ તેના પરીવાર સાથે રહે છે.

મારો દોકરો અલ્પેશ માનસિક અસ્થિર હોય જેથી તેના વતી લખાવુ છુ કે મારા પતિને વારસાઇમા આવેલી જમીન જે હાલે કોટડા સાંગણી તાલુકાના અરડોઇ ગામે રે.સર્વ નં.૪૧ જમીન હે-.૧-૪૬-૭૧ નવ વિઘા જમીન તથા સર્વ નં.૪૨ ની જમીન હે.૧-૧૫-૩૫ સાત વિઘા જમીન જે હાલ મારા દીકરા અલ્પેશભાઇ પ્રવિણભાઇ વિરોજાના નામે હોય આ જમીન અંગે તા-૧૯/૧૧/૨૦૨૫ નો અમોના ઘરે નોટીસ આવી હતી. તેના દ્વારા જાણ થઇ હતી કે મારા દીકરાના નામે આવેલી ઉપરોકત જમીનનુ તા-૨૩/૦૪/૨૦૨૫ ના રોજ રૂ-૧૪,૦૦,૦૦૦/-મા પરષોતમભાઇ મૈયાભાઇ અકબરી અને અંકિતભાઇ શૈલેષભાઇ ભાલોડી જે મારા દીકરા અલ્પેશના સગા મામાના દોકરો થતો હોય અને મારા સગા ભાઇનો દિકરો થાય છે જે બન્ને મળી મારા દીકરો અસ્થિર મગજનો હોય તેનો લાભ લઇ અને મારા દીકરા અલ્પેશભાઇને સ્પીડવેલ ચોક નજીક અવાર નવાર બેસવા બોલાવી પોતાની વાતોમા ભોળવીને તેની મીલકત બાબતેની તમામ માહીતી મેળવી પુર્વ આયોજીત કાવતરૂ રચી બાલાજી હોલ પાછળ આવેલી નોટરીની ઓફીસ ખાતે લઇ જઈ તેની પાસે સાટાખતમા સહીઓ કરાવી પરષોતમભાઇ મૈયાભાઇ અકબરીના નામે સાટાખત કરી લીધેલ હોય અને દસ્તાવેજ કરી આપવા બાબતે જણાવેલ ત્યારે અમોને જાણ થઇ હતી કે મારો દીકરો છેલ્લા આઠેક વર્ષેથી માનસીક અસ્થિર હોય અને મારા દીકરાને પણ પરષોતમભાઇ મૈયાભાઇ અકબરી અને અકીંતભાઇ પ્રવિણભાઈ ભાલોડીને આજ દીન સુધી કયારેય મળેલ નથી તેમજ ટેલીફોનીક સંપર્ક કર્યો ન હોય તેમ છતા તેઓએ છળકપટ પુર્વક ઉપરોકત જમીનનુ સાટાખત કરી દસ્તાવેજ કરી આપવા બાબતે વકીલ

મારફતે નોટીસ મોકલેલ છે. જેથી અમોએ વકોલ મારફતે ઉપરોક્ત જમીનના સાટાખત અંગે તેઓએ નોટીસ આપી હતી અને કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જેથી તા-૦૪/૧૨/૨૦૨૫ ના રોજ કોટડ સાંગાણી કોર્ટમા પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે અમારી કિમતી જમીનને વિવાદીત જમીન બનાવી નાખવાના ઇરાદે અમારા વિરૂધ્ધ ખોટો દાવો દાખલ કર્યો છે જે હાલે ચાલુ છે. જેથી આ પરષોતમભાઇ મૈયાભાઇ અકબરી તથા અંકિતભાઈ પ્રવિણભાઈ ભાલોડીએ મારા દીકરાની જાણ બહાર તેની મગજની અસ્થીરથાનો ખોટો લાભ લઇ પુર્વ આયોજીત ગુન્હાહીત કાવતરૂ રચી છળકપટથી મારા દીકરાને નામે આવેલી ઉપરોકત અમારી કિમતી જમીનને વિવાદીત બનાવી દેવાના ઇરાદાથી જમીનનુ સાટાખત કરી લઈ અને વકોલ મારફતે નોટીસ દ્વારા દસ્તાવેજ કરી આપવા બાબતે નોટીસ મોકલેલી હોય અને સીવીલ કોર્ટમા દાવો દાખલ કર્યો હોય અને અમારી સાથે છેતરપીંડી કરી હોવાથી ઉપરોક્ત બંનેના

વિરૂધ્ધમા ધોરણસર ગુનો નોંધવા કાંતાબેન વિરોજાએ ફરિયાદ કરતા રાજકોટ તાલુકા પોલીસે બંને ઠગબાજોએ પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ક્રિકેટ સટ્ટો - તીનપત્તી ખેલતા ૭ પકડાયા

લેપટોપ, મોબાઈલ મળી ૧,૦૩૭૦૦નો મુદ્દામાલ કબજે

રાજકોટ તા.૧૯

શહેરમાં આજે જુદા જુદા ચાર સ્થળોએ દરોડા પાડી સાત શખ્સોને મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો ખેલતા, અને તીનપત્તીનો જુગાર રમતા, લેપટોપ અને મોબાઈલ મળી એક લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રૂખડીયા પરા સ્મશાન પાસે રહેતા રતન ગાંડુ મકવાણા અને ભગવતીપરામાં રહેતા હુસેન રજાક ડોશાણીને એ-ડિવિઝન પોલીસ સ્ટાફે જૂની કોર્ટની બિલ્ડીંગના ગેટની સામે દિવાલ પાસે, જાહેર રોડ પર જુગાર રમતા રોકડ ૧૭૦૦સાથે ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી કરી હતી

બીજા દરોડામાં ગરુડ ગરબી ચોકથી આગળ, રોડ ઉપર જાહેરમાં મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો ખેલીને હાર જીત કરતો, હવાઈ ચોક, ભાનુશાળી વાડ, જામનગરના સોની મિલન નરેન્દ્ર પાટડીને ૩૦૦૦ ના મોબાઈલ સાથે પકડી પાડી પોલીસે ધોરણસરની કાર્યવાહી કાર્યવાહી કરી હતી.

ત્રીજા દરોડામાં શાલીમાર એપાર્ટમેન્ટ, ફ્લેટ નંબર ૧૦૩, ન્યુ ઘાંચીવાડ, રામનાથ પરા મેઇન રોડ પર રહેતા અક્રમ ફઝલ ગાગનાની પોતાના મકાનમાં ક્રિકેટ સટ્ટો ખેલતો હોવાની બાતમી પરથી એ ડિવિઝન પોલીસે દરોડો પાડી ત્યાંથી લેપટોપ ટેબલેટ અને મોબાઈલ મળી ૭૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવવાની વધુ તપાસ પીએસઆઇ પી.બી.ત્રાજિયાએ હાથ ધરી છે

ચોથા દરોડામાં કોઠારીયા નાકા પાસે, આરએમસીના પે એન્ડ પાર્કિંગની ફૂટપાથ પર ત્રણ જણા મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો હોવાની બાતમી પરથી એ ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો અહીંથી પોલીસે મેહુલ નગર મેઇન રોડ, નીલકંઠ પાર્ક કોઠારીયા રોડ પર રહેતા નિશાર નઝીર પલેજા, રેલનગર-૨, સાધુ વાસવાણી કુંજ રોડ, ભગવતી રસની સામે રહેતા રાજ ભરત ભાલીયા તેમજ વૈશાલી નગર શેરી નંબર-૨, રૈયા રોડ પર રહેતા કરણ ગોગા ધોળકિયાને ઝડપી લીધા હતા.

પોલીસે દરોડા દરમિયાન ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ પર જુગાર રમતા નિશાર પાસેથી ૧૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ કબજે કર્યો હતો. રાજ પાસેથી ૭,૦૦૦ નો મોબાઇલ કબ્જે કર્યો હતો. તેમજ કરણ પાસેથી ૬,૦૦૦ નો મોબાઈલ કબજે કરવામાં આવ્યો હતો. આ ત્રણેય શખ્શ ક્રિકેટ મેચ ઉપર રનફેરનો રૂપિયાની હાર જીતનો જુગાર રમતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ત્રણેયની ધરપકડ કરી કુલ ૨૮ હજારના મુદ્દામાલ કબજે કરે ત્રણે સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

માધાપરના વૃદ્ધે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

માધાપર ગામમાં રહેતા મુકેશભાઈ માલદેભાઈ ઘેડીયા (ઉં. ૬૨) એ ગઈકાલે રાતના અકળ કારણોસર ઝેરી દવા પી લેતા તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીંથી હેડ કોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી કે મુકેશભાઈએ ઝેરી દવા પી લેતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા. પરંતુ ચાલુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હોવાનું ડો. મેઘલ અનડકટ દ્વારા જાહેર કરાયું છે. ગાંધીગ્રામ પોલીસે હોસ્પિટલે દોડી જઈ વૃદ્ધે શા માટે ઝેરી દવા પીધી ? તે અંગેનું કારણ શોધવા કવાયત આદરી છે

જ્યારે ભીમ નગર ચોક, શેરી-૧૨ માં રહેતા પરેશભાઈ મગનભાઈ વાઘેલા ઉંમર ૪૫ ગઈકાલે ચાર વાગ્યે અચાનક પોતાના ઘરે બપોરના બેભાન થઈ જતા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. દરમિયાન ઈએમટી તેજલબેન વાજાએ પરેશભાઈને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

ડિજિટલ એરેસ્ટ બનશે ભૂતકાળ

સરકાર ABHAY પોર્ટલ કરશે લોન્ચ : કરોડોની છેતરપિંડીનો પર્દાફાશ કરતો ગુજરાત પોલીસ, છની ધરપકડ

રાજકોટ, તા. ૧૯

ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે વડોદરામાં છ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તેમના પર એક નેટવર્ક ચલાવવાનો આરોપ છે જે બેંક ખાતા બનાવીને અને તેમાંથી ગેરકાયદેસર નાણાં ઉપાડીને સાયબર છેતરપિંડીને સરળ બનાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રેકેટ સાથે જોડાયેલા ખાતાઓનો ઉપયોગ આશરે ₹૨૧૦ કરોડના છેતરપિંડીભર્યા વ્યવહારો કરવા માટે કરવામાં આવતો હતો, જ્યારે નેશનલ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન, ૧૯૩૦ ને અત્યાર સુધીમાં ૨૭૩ ફરિયાદો મળી છે. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આરોપીઓએ પૈસાના નામે બેંક ખાતા ખોલ્યા હતા અને ડેબિટ કાર્ડ અને ચેકબુક સહિત સંપૂર્ણ બેંકિંગ કીટ ખરીદી હતી. તેઓએ સિમ કાર્ડ પણ ગોઠવ્યા હતા, તેમને આ ખાતાઓ સાથે લિંક કર્યા હતા અને વિવિધ ઓનલાઈન છેતરપિંડીમાંથી વ્યવહારો કરવા અને પૈસા ઉપાડવા માટે તેનો ઉપયોગ કર્યો હતો.

પોલીસે કાર્યવાહી દરમિયાન ૧૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા પછી તપાસને વેગ મળ્યો. આ ઉપકરણોના વિશ્લેષણમાં છેતરપિંડીમાં ઉપયોગમાં લેવાતા આશરે ૫૦ બેંક ખાતાઓની વિગતો બહાર આવી છે. પોલીસે દીપેશ રાજપુરોહિત, જેને મોન્ટુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને આ કામગીરીના કથિત માસ્ટરમાઇન્ડ તરીકે ઓળખી કાઢ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, તેમણે ખાતા ખોલવા અને ચલાવવામાં સામેલ એક મોટા નેટવર્કનું સંકલન કર્યું હતું અને લગભગ ૪૦ શંકાસ્પદ ખાતાઓનું વ્યક્તિગત રીતે સંચાલન કર્યું હતું.

અન્ય આરોપીઓની ઓળખ અબ્દુલ કબીર મોહમ્મદ ઇલ્યાસ પઠાણ, વિવેક વણઝારા, મયંક ભૈરવા, રોહિત વર્મા અને મોહિત રાવલ તરીકે કરવામાં આવી છે. તપાસકર્તાઓનું માનવું છે કે તેઓએ બેંક ખાતા ગોઠવવા, પૈસા ઉપાડનારાઓની ભરતી કરવા, રોકડ ઉપાડવા અને રોજિંદા કામગીરીનું સંચાલન કરવામાં વિવિધ ભૂમિકાઓ ભજવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે નેટવર્કનું માળખું બેંક ખાતાઓ, લિંક્ડ સિમ કાર્ડ્સ અને ઉપાડ ચેનલોની ઍક્સેસ સુરક્ષિત કરીને સાયબર ગુનાને ટેકો આપવા માટે રચાયેલ સંગઠિત સિસ્ટમ તરફ નિર્દેશ કરે છે. આ કેસ છેતરપિંડી કરનારાઓને ગેરકાયદેસર ઓનલાઈન પ્રવૃત્તિઓમાંથી બનાવેલા નાણાંને લોન્ડર કરવા અને ઉપાડવામાં સક્ષમ બનાવવામાં ખચ્ચર ખાતાઓની ભૂમિકાને પણ પ્રકાશિત કરે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ખાતાઓનો ઉપયોગ ડિજિટલ ધરપકડ કૌભાંડો, રોકાણ કૌભાંડો, લોન કૌભાંડો, UPI કૌભાંડો, ડિપોઝિટ છેતરપિંડી, પાર્ટ-ટાઇમ જોબ કૌભાંડો અને ઓનલાઈન ગેમિંગ છેતરપિંડી સહિત સાયબર ગુનાની વિવિધ શ્રેણીઓમાં થતો હતો. વ્યવહારોના સ્કેલ અને ખાતાઓ સંબંધિત ફરિયાદોની સંખ્યાએ કેસને નજીકથી તપાસ હેઠળ લાવ્યો છે. તપાસકર્તાઓ આરોપીઓના નાણાકીય વ્યવહારો અને તેમની કાર્યપદ્ધતિઓની તપાસ કરી રહ્યા છે જેથી નેટવર્કનો સંપૂર્ણ વ્યાપ ઉજાગર કરી શકાય.

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) ડિજિટલ ધરપકડ જેવા સાયબર છેતરપિંડીના વધતા જોખમનો સામનો કરવા માટે એક મોટું પગલું ભરી રહ્યું છે. એજન્સી એક AI-સંચાલિત ચેટબોટ લોન્ચ કરી રહી છે જે સામાન્ય લોકોને તેમને મળતી કોઈપણ નોટિસની સત્યતા ચકાસવામાં મદદ કરશે. આ ચેટબોટનું નામ 'અભય' રાખવામાં આવ્યું છે.

આ લોન્ચ ૨૨મા ડી.પી. કોહલી મેમોરિયલ લેક્ચર દરમિયાન થશે, જે CBI તેના સ્થાપક ડિરેક્ટરના માનમાં આયોજિત કરે છે. મુખ્ય ન્યાયાધીશ 'સાયબર ક્રાઇમના પડકારો, પોલીસ અને ન્યાયતંત્રની ભૂમિકા' પર વ્યાખ્યાન પણ આપશે અને ૨૪ મેરિટોરિયસ સર્વિસ મેડલ રજૂ કરશે. આ નવું CBI ચેટબોટ માત્ર લોકોને છેતરપિંડીવાળી નોટિસથી બચાવવામાં મદદ કરશે નહીં પરંતુ સાયબર ક્રાઇમ સામે જાગૃતિ પણ લાવશે. ડિજિટલ યુગમાં, આવા સાધનો સામાન્ય નાગરિકો માટે રક્ષણાત્મક કવચ તરીકે કાર્ય કરી શકે છે.

અભય' ચેટબોટ કેવી રીતે કાર્ય કરશે?

'અભય' એક AI-આધારિત નોટિસ વેરિફિકેશન ટૂલ હશે જે લોકોને તેમને મળેલી નોટિસ સાચી છે કે નકલી તે ચકાસવામાં મદદ કરશે. આ સાધન ડિજિટલ ધરપકડ છેતરપિંડીના કિસ્સાઓમાં ખાસ ઉપયોગી સાબિત થઈ શકે છે, જ્યાં છેતરપિંડી કરનારાઓ સીબીઆઈ અધિકારીઓ તરીકે પોતાને રજૂ કરીને લોકોને ડરાવવા અને નકલી નોટિસ રજૂ કરીને પૈસા પડાવવા માટે પોતાને રજૂ કરે છે.

ડિજિટલ એરેસ્ટ છેતરપિંડીનો વધતો જતો ભય

તાજેતરમાં, એવા અસંખ્ય કિસ્સાઓ બહાર આવ્યા છે જ્યાં સાયબર ગુનેગારો, સીબીઆઈ અધિકારીઓ તરીકે પોતાને રજૂ કરીને, લોકોને ''ડિજિટલ ધરપકડ'' ની ધમકી આપે છે. તેઓ નકલી કેસ અને નકલી નોટિસનો ઉપયોગ કરીને પીડિતોને માનસિક રીતે દબાણ કરે છે અને તેમની પાસેથી કરોડો રૂપિયાની છેતરપિંડી કરે છે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સાયબર ગુનેગારોએ વિવિધ છેતરપિંડી દ્વારા આશરે ₹૫૪,૦૦૦ કરોડની ઉચાપત કરી છે, જે ગુનાને ''લૂંટ'' સમાન ગણાવે છે.

મહિલા અનામત બીલને લઈ કોંગ્રેસનો ભાજપ પર પ્રહાર

રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ, ઉપસ્થિત મહિલાઓએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક અંગે પણ મહિલાઓને માન નથી આપ્યું

રાજકોટ, તા. ૧૯

મહિલા અનામત બીલ પાસ ન થતા હાલ ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવી ગયું છે સાથો સાથ સાથી વિપક્ષો હોય પણ ભાજપને ટેકો આપ્યો નથી જેને લઈ ભાજપ પક્ષ દ્વારા વિપક્ષીઓ પર શાબ્દિક પ્રહારો કરવામાં આવી રહ્યા છે અને સમગ્ર દેશમાં આ પ્રકારના અનેકવિધ કાર્યક્રમનું પણ હાથ ધરાઈ રહ્યા છે. અત્યારે ગઈકાલે રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે મહિલાઓ દ્વારા ભાજપ ને જે મહિલા અનામત બિલ માં નકારો મળ્યો છે તેનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો સાથોસાથ વડાપ્રધાન મોદી દ્વારા જે રાષ્ટ્રજોગ સંદેશ રજૂ કરવામાં આવ્યો તેનો પણ વિરોધ કરવામાં આવ્યો હોવાનું માલુ પડ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગઈકાલે રાત્રે રાષ્ટ્ર જોગ સંબોધન કરી મહિલા અનામત બિલ પાસ ન થઇ શક્યું એ માટે વિપક્ષને જવાબદાર ગણાવતા આજ રોજ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના આગેવાન પ્રગતિ આહીર અને ગાયત્રીબા વાઘેલાએ ભાજપ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, નારી શક્તિનું સન્માન કરતા કોંગ્રેસ પક્ષે બધાને શીખવ્યું છે જયારે ભાજપ માત્ર નારી સન્માનના નામે રાજનીતિ કરી રહી છે. કોંગ્રેસ પક્ષે પ્રથમ મહિલા વડાપ્રધાન, મહિલા રાષ્ટ્રપતિ, મહિલા લોકસભા સ્પીકર સહિત અનેક મહિલા નેતાઓ આપ્યા છે. જયારે બીજા રાજ્યોમાં ચૂંટણી આવી છે ત્યારે આ બિલના નામે રાજનીતિ કરવા ભાજપ મેદાને આવ્યું માટે વિપક્ષ વિરોધ કરી રહ્યું છે કારણ કે બિલ પાસ થયા પછી અમલવારી ક્યારથી થાય તેની કોઈ સ્પષ્ટતા નથી માટે તાત્કાલિક આ બિલ લાગુ કરવામાં આવે તો વિપક્ષની આજે પણ તૈયારી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના પ્રમુખ પ્રગતિ આહીર દ્વારા અનામત બિલ પાસ થાય એ માટે કોંગ્રેસ અને તમામ વિપક્ષ તૈયાર છે પરંતુ તાત્કાલિક લાગુ કરવામાં આવે એવી માંગ કરી છે, કોઈ શરતો નહિ માત્ર ૩૩% અનામત લાગુ આવતીકાલથી જ કરવામાં આવે એ વિપક્ષની માંગ છે પરંતુ, ભાજપ આ બિલ પાસ કરી અમલવારી ક્યારે કરશે તેનો કોઈ ચોક્કસ સમય ન આપવામાં આવતા વિરોધ કરવામાં આવી રહ્યો છે વાત રહી નારી સન્માનની તો ચોક્કસ નારીને સન્માન આપવાનું કામ કોંગ્રેસ પક્ષે શરૂ કર્યું છે. RSS વિચારધારા સાથે જોડાયેલો ભાજપ પક્ષ ક્યારે પણ નારીનું સન્માન કરી શકે એમ નથી. RSSનું કોઈ એક એવું સંગઠન નથી જ્યાં મહિલાઓને માન સન્માન મળતું હોય. ચૂંટણી લક્ષી ફાયદો લેવા માટે આ બિલ પાસ કરવા માંગ કરી છે ભાજપે માટે તમામ વિરોધ પક્ષના નેતાઓએ સાથે મળી તેમનો વિરોધ કર્યો છે. રાષ્ટ્રજોગ સંબોધનમાં મોદી સાહેબે ભાજપનો પ્રચાર કર્યો હતો, દેશ હિતની કોઈ વાત ન હતી માત્ર ભાજપનો પ્રચાર કરી કોંગ્રેસ પક્ષને કોસવાનું કામ કર્યું છે.

૧૦૨૪ વાર તેઓ પોતાના ભાષણમાં કોંગ્રેસનું નામ લઇ કોંગ્રેસ પાર્ટીને કોસવાનું કામ કર્યું છે તેમના સામે ફરિયાદ પણ થવી જોઈએ. પ્રધાનમંત્રી હવે બોખલાઈ ગયા છે કોંગ્રેસને કોસવા સિવાય એક પણ મુદ્દો એક પણ વાત તેમના પાસે બચી નથી.ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ જુઠાણા ફેલાવી રહી છે અને વિપક્ષને બદનામ કરી રહી છે. નારી વંદના અને નારી ગૌરવની વાત ભાજપ ક્યાં મોઢે કરે છે તે હું પૂછવા માંગુ છું. દેશના પ્રથમ લોખંડી મહિલા વડાપ્રધાન ઇન્દિરા ગાંધી, દેશના મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ, અને પ્રથમ લોકસભાના મહિલા સ્પીકર મીરા કુમાતી જેવા અનેક દિગ્ગ નેતાઓ કોંગ્રેસ પક્ષે આપ્યા છે. કોંગ્રેસ પક્ષના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીજીએ પોતાના કાર્યકાળ દરમિયાન મહિલાઓને પંચાયતી રાજમાં ૩૩% અનામત આપવાનું કામ કર્યું છે, તેના કારણે જ આજે દરેક રાજકીય પક્ષોમાં બહેનો ખુમારીથી કામ કરી રહી છે.

વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ રાજકોટમાં સંબોધી સભા : ભાજપ પર કર્યા આકરા પ્રહારો

આપના ઉર્જાવાન આગેવાનોને આપો તક :ઈટાલીયા

રાજકોટ,તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે છ દિવસ જ બાકી રહ્યાં છે ત્યારે આવતાં રવિવારે મતદાન થવા જઈ રહ્યું છે. જેને લઈને હાલ દરેક રાજકીય પક્ષ છેલ્લા બાકી રહેતા પાંચ દિવસમાં પ્રચાર પ્રસાર માટે એડીચોટીનું જોર લગાવ્યા રહ્યાં છે અને લોકો સુધી પહોંચવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે.

પછી તે ભાજપ હોય કે કોંગ્રેસ દરેક રાજકીય પક્ષ તેમના મુદ્દાઓ સાથે લોકો વચ્ચે જઈ મત માંગી રહ્યાં છે. ત્યારે ગઈકાલે વિસાવદરનાં ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના આક્રમક નેતા ગોપાલ ઈટાલીયા ગઈકાલે રાજકોટ આવી પહોંચ્યા હતાં અને માયાણી ચોકમાં તેઓએ ખાસ સભા સંબોધી હતી. જેમાં સત્તાધારી પક્ષ સમક્ષ અનેકવિધ આક્ષેપો કરવામાં આવ્યા હતાં અને લોકોને પડતી પારાવાર મુશ્કેલીઓ અંગે પણ વિગતો વર્ણવી હતી ત્યારે સભામાં આવેલા ગોપાલભાઈ ઈટાલીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ ભાજપની એ સરકાર છે કે જેને માત્ર ભ્રષ્ટાચાર જ કર્યો છે અને સુવિધા આપવાના નામે લોકો સાથે છેતરપીંડી કરી છે. રાજકોટની જનતાએ વખતો વખત ભાજપના ઉમેદવારોને ચૂંટણી જીતાડવામાં સિંહ ફાળો ભજવ્યો છે ત્યારે આ વખતે આમ આદમી પાર્ટીના ઉર્જાવાન ઉમેદવારોને રાજકોટની જનતા તક આપે તે ખુબ જરૂરી છે. તેઓએ જણાવ્યું હતું કે માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજ્યભરમાં ભાજપના શાસનકાળમાં લોકોને પુરતી સુવિધા મળતી નથી અને પાયાના પ્રશ્નો જેવા રોડ-રસ્તા અને ગટરને નિવારવામાં ભાજપ સંપૂર્ણ નિષ્ફળ નિવડયું છે. ત્યારે જો આમ આદમી પાર્ટીને લોકો જીતાડશે તો પાયાના પ્રશ્નોનું તાકીદે નિવારણ લાવવાનમાં આવશે અને યોગ્ય સુવિધાઓ ઉભી કરાશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સરકાર ડ્રગ્સ નાબુદીના બણગા ફુંકી રહી છે પરંતુ દરિયાઈ માર્ગથી સમગ્ર સૌરાષ્ટ્રમાં અને તેમાં પણ ખાસ રાજકોટમાં નિર્ધારિત થયેલી ચેનલ મારફતે ડ્રગ્સ વિવિધ સ્થળો પર પહોંચાડવામાં આવે છે અને તેનાથી માત્ર યુવાઓ જ નહીં પરંતુ મહિલાઓ પણ પ્રભાવિત થઈ છે ત્યારે આ ડ્રગ્સના દૂષણ સામે જો કોઈ અવાજ ઉઠાવી શકે તો તે માત્ર આમ આદમી પાર્ટી જ છે. અન્ય કોઈ નહીં માયાણી ચોકમાં આયોજીત સંમેલનમાં ખુબ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં. એટલું જ નહીં આમ આદમી પાર્ટીના વિવિધ મુદ્દાઓંને ધ્યાને પણ લીધા હતાં. ત્યારે હવે જો કોઈ મુદ્દો ચર્ચાનો વિષય હોય તો તે એ છે કે હવે ૨૬મી તારીખે મતદારો કોને મત આપે છે અને સત્તાનું કમાન સોંપે છે.

હાલ રાજકોટ શહેરમાં રાજકારણ ગરમાયું છે અને પહેલા જે રીતે ભાજપ વનસાઈડ એડ ચૂંટણી જીતવાનો નિર્ધાર કરતી હતી તે આ વખતે કદાચ અશકય લાગી રહ્યું છે. જેની પાછળનું સૌથી મોટુ કારણ હોય તો તે બેઠક વહેંચણીનો મુદ્દો છે અનેં તેમાં પણ ચોક્કસ જ્ઞાતિની જે અવગણના કરવામાં આવી છે. તેનાથી અનેકવિધ સમાજો અને જ્ઞાતિઓ રોષે ભરાયેલી છે અને ભાજપને પાઠ શિખવવા માટેનો તખ્તો પણ તૈયાર કરી લેવામાં આવ્યો હોય તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યાં છે.

આમ આદમી પાર્ટીમાં પણ એક ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. જેને લઈને આમ આદમી પાર્ટીએ રાજકોટમાં ૭૧ ઉમેદવારો ઉભા રાખ્યા છે. આમ આદમી પાર્ટીની વાત કરવામાં આવે તો ભૂતકાળમાં ખેડૂત નેતા રાજુ કરપડા ઉપર જે આક્ષેપો કરવામાં આવ્યા હતાં. તેને ધ્યાને લઈ રાજુ કરપડાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતાં તે સમયે પણ આમ આદમી પાર્ટી વિરૂધ્ધ ઘણાખરા આક્ષેપો પણ કરવામાં આવ્યા હતાં.

એટલું જ નહીં આક્ષેપોમાં એ વાતની ચર્ચાએ પણ જોર પકડયું હતું કે આમ આદમી પાર્ટીના જે સીર્સ નેતૃત્વ છે તે કાર્યકરોનું અથવા સ્થાનિક સંગઠનોનું સાંભળતા નથી જેના કારણે રાજ કરપડા જેવા રાજકીય આગેવાનોએ પક્ષ છોડી અન્ય પક્ષમાં જવું પડયું છે. ત્યારે આમ આદમી પાર્ટીને પણ આ ચૂંટણીથી ઘણીખરી અપેક્ષાઓ સેવાઈ રહી છે ત્યારે આમ આદમી પાર્ટી માટે પણ મહાનગરપાલિકાની ચૂંટણી કપરા ચઢાણ સમાન થઈ શકે તેમ છે. રાજુ કરપડા ભાજપમાં જોડાતાં જ આમ આદમી પાર્ટીને ખુબ મોટો ફટકો પડયો છે.

છતાં પણ આજે આમ આદમી પાર્ટી જુના વચનો યાદ કરી જે સભાઓ ગજાવવામાં આવી હતી તે મુદ્દાઓની રજૂઆત રાજકોટ મહાનગરના રહેવાસીઓ વચ્ચે કરી રહ્યાં છે ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ વખતેની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અત્યંત રોમાંચક સ્થિતિમાં જોવા મળશે.